Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

सर्वान् पश्यन्तु बन्धूनिव जगति जना भेदबुद्धिं विहाय
स्थाने पात्रे च कर्तुं वितरणमसकृच्चास्तु बुद्धिर्धनस्य ॥
दीने नम्रा भवन्तु प्रखरधनवतामग्रगण्या हि शश्वद् ।
'आत्मानन्द प्रकाशं' विदधतु हृदये श्रीजिनः श्रावकानाम् ॥

पु० २३ मुं | वीर सं. २४५२. पौष आत्म सं. ३० | अंक ६ ठ्ठो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर

## વિષયાનુક્રમણિકા.


| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ પંચપરમેષ્ઠિવાચક " ૐ " કાર સંગઠ્ઠન. ... ... ... | ૧૨૭ | ૬ ગાર્હસ્થ્ય જીવન. ... ... | ૧૩૮ |
| ૨ શ્રી સિદ્ધગુણ વર્ણન ... ... | ૧૨૮ | ૭ જૈન સાહિત્યનો વિકાસ કરવાની ખાસ આવશ્યકતા. ... ... | ૧૪૨ |
| ૩ વિશ્વરચના પ્રબંધ. ... ... | ૧૨૯ | ૮ વર્તમાન સમાચાર. ... ... | ૧૪૭ |
| ૪ સમભાવ. ... ... ... | ૧૩૫ | ૯ ગ્રંથાવલોકન ... ... ... | ૧૪૯ |
| ૫ સમાજસેવા ... ... ... | ૧૩૬ | | |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## છપાઇ તૈયાર થયેલ અપૂર્વ ગ્રંથ.

# " गुरुतत्त्व विनिश्चय । "

પ્રસ્તુત ગ્રંથના કર્તા ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમાન્ યશોવિજયજી મહારાજ છે. ગુરૂતત્ત્વના સ્વરૂપનો સંગ્રહ વાચકોને એકજ ઠેકાણે મળી શકે એવા ઉદ્દેશથી તેઓશ્રીએ જૈનાગમોનું દોહન કરી પ્રસ્તુત ગ્રંથમાં તેવા સંગ્રહને રોચક અને સરલ છતાં પ્રૌઢભાષામાં વર્ણવેલો છે. જેનો ખ્યાલ વિદ્વાન્ વાચકોને ગ્રંથના નિરીક્ષણથી આવી શકશે.

સંસ્કૃત ભાષાને નહી જાણનાર સાધારણ વાચકો પણ પ્રસ્તુત ગ્રંથ માટેની પોતાની જિજ્ઞાસા પૂર્ણ કરી શકે તે માટે ગ્રંથની આદિમાં સંપાદકે ગ્રંથનો તેમજ તેના કર્તાનો પરિચય કરાવી ગ્રંથનો તાત્ત્વિક સાર તથા વિષયાનુક્રમ આદિ ગુજરાતી ભાષામાં આપેલ છે. અને અંતમાં ઉપયોગી પરિશિષ્ટો તથા ઉપાધ્યાયજીના અજ્ઞાત બે અપૂર્ણ ગ્રંથોનો ઉમેરો કરવામાં આવ્યો છે.

ખપી મુનિમહારાજો તેમજ ગૃહસ્થોએ મંગાવવા સાવધાન રહેવું. દરેક લાભ લઇ શકે તે માટે કિંમત અડધી રાખવામાં આવી છે. કિંમત રૂા. ૩-૦-૦ ટપાલ ખર્ચ જુદું પડશે. અમારે ત્યાંથી મળી શકશે. ( ગ્રાહકોને માહ શુદ ૧ થી મોકલવામાં આવશે. )

---

## " કાવ્ય સાહિત્યનો અપૂર્વ ગ્રંથ "

# " કાવ્ય સુધાકર. "

### ( રચયિતા—આચાર્ય શ્રી અજીતસાગરજી મહારાજ. )

કાવ્યકલા અને સાહિત્યનો એક સુંદર નમુનો કે જે સામાયિક રસથી ભરપુર છે, તેવા હૃદયદ્રાવક ૪૩૫ વિવિધ કાવ્યનો સંગ્રહ ઉપરોક્ત આચાર્યશ્રીની કૃતિના આ ગ્રંથમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં ચાર વિભાગ ૧ કાવ્ય કિરણાવલી, ૨ કાવ્ય કૌમુદી, ૩ સાહિત્યસાર અને શ્રી આનંદઘનજી પદનો કાવ્ય ( કવિતા ) રૂપે અનુવાદ એ ચારનો સમાવેશ કરવામાં આવેલો છે. તમામ ( કવિતાઓ ) એકંદર સરલ, સુંદર, રસયુક્ત, હૃદયદ્રાવક, અને ભાવવાહી કાવ્યનો આ સંગ્રહ છે. સામાજીક, નૈતિક, ધાર્મિક વિષયો સાથે પ્રાસંગિક કુદરતી વર્ણનોથી બનેલા આ કાવ્યો હોઇને દરેક મનુષ્ય ( જનસમાજ ) ને ઉપયોગી છે. દરેક મનુષ્યે લાભ લેવા જેવું છે. ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી છપાવી સુંદર રેશમી કપડાના પાકા બાઇંડીંગથી અલંકૃત કરેલ છે ૪૫૦) સાડાચારસે પાનાનો આ ગ્રંથ છે. કિંમત રૂા. ૨-૮-૦ પોસ્ટેજ જુદું. મળવાનું ઠેકાણું—" શ્રી જૈન આત્માનંદ સભા "—ભાવનગર.

---

પૃષ્ટ ૫૫૦ **શ્રી દાનપ્રદીપ ભાષાંતર.** કિંમત રૂ. ત્રણ

ધર્મના ચાર પ્રકાર–દાન, શીયલ, તપ અને ભાવમાં દાનધર્મ તે મુખ્ય છે.

આ દાનધર્મનાં ભેદો, તેનું વિસ્તારયુકત વર્ણન, તેના વિશેષ ભેદો અને આ દાનધર્મનું આરાધન કરનાર આદર્શ જૈન મહાન્ પુરૂષોનાં વીશ અદ્દભૂત ચરિત્રો, કથાઓ અને બીજી અંતર્ગત વિશેષ ચમત્કારિક કથાઓ આ ગ્રંથના બાર પ્રકાશમાં આપવામાં આવેલ છે.

આ ગ્રંથ સાદ્યંત વાંચવાથી ગમે તેવો મનુષ્ય પણ દાનધર્મ આદરવા તત્પર થાય છે. સુશોભિત રેશમી કપડાના પાકું બાઇડીંગ કરાવી તૈયાર કરેલ છે.

દરેક મનુષ્યોએ પોતાના ઘરમાં–લાયબ્રેરીમાં અને નિવાસસ્થાનમાં તથા મુસાફરીમાં આ ઉપયોગી ગ્રંથ રાખવો જોઇએ. કિં. ૩-૦-૦ પોસ્ટેજ અલગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

का अरई ? के आणंदे ? इत्थं पि अग्गहे चरे, सव्वं हासं परिच्चज्ज आलीणगुत्तो परिव्वए । पुरिसा ! तुममेव तुमं मित्तं किं बहियामित्तमिच्छसि ? । जं जाणिज्जा उच्चालइयं तं जाणिज्जा दूरालइयं, जं जाणिज्जा दूरालइयं तं जाणिज्जा उच्चालइयं । पुरिसा ! अत्ताणमेव अभिनिगिज्झ, एवं दुक्खा पमुच्चसि । पुरिसा ! सच्चमेव समभिजाणाहि, सच्चस्साणाए उवट्ठिए से मेहावी मारं तरइ । सहिओ धम्ममायाय सेयं समणुपस्सइ ॥

आचाराङ्गसूत्रम् ।

पुस्तक २३ मुं. { वीर संवत् २४५२. पोष आत्म संवत् ३०. } अंक ६ ठो.

## પંચપરમેષ્ઠિવાચક "ॐ"કાર સંગઠન.

### વર્ણવ્યવસ્થા.

अ=अ=आ=आ=आ=उ=ओ=म्=ॐ

१ अरिहंत ભગવાનનો ........................अ
२ अशरिरि=સિદ્ધ ભગવાનનો....................अ
३ आचार्य મહારાજનો........................आ
४ उवज्झाय મહારાજનો.......................उ
५ मुनि=સાધુ મહારાજનો......................म्

( હરિગીત. )

अरिहंतनो अ લહી અને, अशरिरिनोज अ મેળવો,
आचार्यनो आ મળે, તે વિધ બને आ એ કેળવો;
उवज्झायनो उ મળે, आ માં બને ओ જાણી તમો,
मुनिंद्रनो જ म् મેળવી, ॐकार ભ્રાત નમો નમો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### અભ્યર્થના.

ॐकार बिन्दु संयुक्तं, नित्यं ध्यायंति योगिनः;
कामदं मोक्षदं चैव, ॐकाराय नमो नमः.
अ-सि-आ-उ-सायनमः ॐ नमः

વેલચંદ ધનજી.

# પરમેષ્ટિ ગુણ સંક્ષિપ્ત વિવરણ.

## ' સિદ્ધ ગુણ વર્ણન. '

( નાથ કૈસે ગજકો બંધ છુડાયો—એ દેશી. )

ભવિજન સિદ્ધ ભજો શુભ ભાવે, આતમ નિર્મલ થાવે. ભ૦
સુંદર આઠ ગુણોએ અલંકૃત, સિદ્ધ પ્રભુ શીવગામી;
એહી ગુણો આઠ કર્મ અભાવે, પામે પ્રભુ જગસ્વામી. ભ૦ ૧
જ્ઞાન[1] અનંતુ જ્ઞાનાવરણિય, કર્મ ક્ષયે પ્રગટાય;
એથી પ્રભુને લોકાલોકનું, શુદ્ધ સ્વરૂપ જણાય. ભ૦ ૨
કેવલ [2]દર્શન પામે પ્રભુ, કર્મ દર્શનાવરણિય જાવે;
લોકાલોકનું સર્વ પ્રકારે, સ્વરૂપ એથી દેખાવે. ભ૦ ૩
વેદની કર્મ વિયોગે પ્રભુને, અવ્યાબાધ[3] સુખ આવે;
એ સુખ બાધા રહિત અનંતુ, નિરૂપાધિક કહાવે. ભ૦ ૪
મોહનિકર્મ પ્રલય થતાં પ્રભુ, [4]ક્ષાયિક સમકિત પાવે;
સાદિ અનંત જે [5]અક્ષય સ્થિતિ, તે આયુ કર્મ અભાવે. ભ૦ ૫
નાશ થતાં વળી નામ કરમનો, સિદ્ધ [6]અરૂપી વખાણો
એથી પ્રભુને રૂપ વર્ણ ગંધ, રસ સ્પર્શ નહીં જાણો ભ૦ ૬
ગોત્ર કરમને જાતાં થકાં શુભ, અગુરૂ[7] લઘુ ગુણ ગાવો;
એથી પ્રભુ સિદ્ધ ભારે હળવા કે, ઉંચ નિચ નહી કહાવો. ભ૦ ૭
આતમ [8]વીર્ય અનંતુ પ્રગટે, કર્મ જતાં અંતરાય;
એવું નહીં બળ અન્ય દેવોને, સિદ્ધ પ્રભુજી સિવાય. ભ૦ ૮
સિદ્ધ પ્રભુ ગુણ આઠે નિમલ, અલ્પ મતિ અનુસાર;
શ્રી સિદ્ધાંત પસાયથી ગાયા, આનંદ હર્ષ અપાર. ભ૦ ૯
એ ગુણ જે જીવ ગાશે ભણશે, ધ્યાન વલી જેહ ધરશે;
ઉતમ એ ગુણ રૂપ જવાહીર, તે જીવ નિશ્ચે વરશે. ભ૦ ૧૦

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિશ્વરચના પ્રબંધ.

## ( નિવેદન ૧૧ મું ચાલુ. )

( ગતાંક પૃષ્ઠ ૧૧૨ થી શરૂ. )

૫૧—સિદ્ધાંતસારમાં મણીલાલ નભુભાઈ કહે છે કે—પ્રો૦ મેક્ષમુલરના કહેવા પ્રમાણે પુરાણુના આધારે, ( અને ડો૦ હંટરસાહેબે સુધારીને છપાવેલ હિંદુસ્તાનનો ઇતિહાસના આધારે—જૈ૦ કો૦ હે૦ ખા૦ અં૦ પા ૨૭૭ ) સન ૧૮૮૪ લગભગમાં એવો વાદ પ્રવર્ત્યો કે જૈન એ બૌદ્ધધર્મની શાખા છે પણ ૧૮૯૫માં તે ભૂલ સુધરાઈ ( એનીબીસંટ ) ડાલુઇરાઈસ. ડોન્ફ્યુર મી૦ કલૅાટ. ડૉ. બુલ્હર, ડૉ. હોર્નલના ટેકાથી જાહેર થયું કે મહાવીર એ બુદ્ધનું અપર નામ છે, તે વાત સત્ય નથી. અહિંસાના પ્રાચીન પ્રચારક જૈનધર્મના આદિજિન કયારેં થયા તે આંકડા મૂકવા કઠિન છે. ( પ્રા૦ ધ૦ ૧૧૦ ) પુરાણો કહે છે કે ઋષભદેવજી સ્વયંભૂમન્વંતરમાં થયા છે, તેની ગણના કરવી મુશ્કેલ છે. ( ચ૦ ચ૦ ૨૪૮ ) જૈનોના તીર્થંકરો ક્રોડો વર્ષ સુધી ધર્મોપદેશ દેતા હતા. આ જૈનો પૃથ્વીને અનાદિ માને છે. (પ્રા૦ધ૦૧૦૬)

જૈનધર્માનુયાયી જ્ઞાનીયો કહે છે કે–સોની જ્યારે સ્વર્ણમહોર ( ગીની )ની વીંટી બનાવે છે, ત્યારે તેમાં સોનું તો સોનાપણે અનાદિ કાળથી છે અને તેજ સ્વરૂપમાં રહે છે, પણ સ્વર્ણમહોરના સ્વરૂપનો લય થયો કહેવાય છે અને વીંટી પણાની ઉત્પત્તિ કહેવાય છે. વળી એક ઘર નવું બન્યું, એમ કહીએ તો તેમાં પરાવર્તનને લઇને આરંભ કહી શકાય છે, કારણ કે ઇંટ નળીયા માટી લાકડું વિગેરે તો હતા પણ તેને રીતસર ગોઠવવાથી—પરાવર્તનથી નવું સ્વરૂપ બન્યુ. તેને આપણે નવું કહીએ છીએ—અને તેની સાથે અમુક હેતુએ તે પરાવર્તન કરનાર કડીયા સુતાર અને કુંભાર વિગેરે માત્ર ઘરના કર્તા છે એમ પણ કહી શકાય છે. આજ રીતે જગત અનાદિ છે જેને વેદોમાં પ્રવાહથી અનાદિ કહે છે પણ તેમાં ઘણે કાળે ચયોપચય–હાનિ વૃદ્ધિ થાય છે એટલે જેમ આટલાંટિક મહાસાગર ભૂતકાળમાં મોટા ખંડ રૂપે હતો તે હાલ તો જળમય પ્રદેશરૂપે છે એમ ફેરફારો બન્યા કરે છે.

એટલે કોઈ જગતકર્તા નથી છતાં જો ઉપચારિક જગતકર્તા માનવો હોય તો પ્રત્યેક જીવ શુભાશુભ પ્રવૃત્તિથી કાલ, સ્વભાવ, ઉદ્યમ, નસીબ અને નિયતિ, વિગેરે પાંચ કારણો પામીને પોતપોતાનું જગત કરે છે તેમજ તે જીવ જ્યારે પોતાના આઠ ગુણોને આવરણ રહિત કરે છે, ખીલવે છે. એટલે આઠગુણમય અષ્ટમૂર્તિ બને છે ત્યારે પોતાના સંસારનો સંહાર કરે છે. જીવો અનંતા છે અને તે દરેક પોતાપોતાના કર્મ કાર્યના કર્તા તથા ભોક્તા છે, બાકી તેથી જુદો કોઈ જગત કર્તા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૨—જીવસામર્થ્ય તરફ વિચારીએ તો પ્રત્યેક જીવ પોતાનુંજ ગત કરવાને શક્તિમાન છે અને જીવો તથા અજીવ પદાર્થો હોઇનેજ જગતનો વ્યવહાર ચાલે છે જેથી જીવોને સમષ્ટિરૂપે કલ્પીએ અને તેના કાર્યના સમુદાયને જગતરૂપ કલ્પીએ તો આ અનંતા જીવનો સમૂહજ કાર્ય સમૂહરૂપ જગતનો નિયંતા છે.

૫૩—શ્રી ઇન્દ્ર નારાયણ મુખોપાધ્યાય ( P. ૨૨ । ઇ. ) કહે છે કે—વસ્તુનો નાશ થાય છે. એટલે તેનો અભાવ થાય છે એમ માનવુ એ ભૂલ છે. જેમ પૃથ્વીપર ચોમાસામાં આવેલું પાણી ગ્રીષ્મઋતુમાં દેખાતું નથી પણ તેજ પાણી સૂર્યના તાપે વરાળરૂપે બની આકાશમાં મેઘ રચનામાં જોડાય છે. અને ચોમાસામાં ફરી મેઘરૂપે પૃથ્વીપર આવે છે. બરફ ગળે છે એટલે તેનું પાણી થાય છે અને પાણીની બાષ્પ બને છે આમાં કાંઇ પણ નષ્ટ થતુંજ નથી. આપણે ખાઇએ છીએ ત્યારે ધાન્ય નાશ પામે છે પણ ખરી રીતે તે બીજા રૂપમાં આપણા શરીરની પુષ્ટિનું સાધન બનેલ છે. વૃક્ષના પાંદડા નીચે માટી પર પડે છે, તે નાશ પામતા નથી પણ તે પ્રકારાંતરે ઝાડમાંજ મળી જાય છે એટલે તેની બાષ્પીય જલીય, અને કઠીન, એ ત્રણે વસ્તુઓ રૂપાંતર પામી પાંદડાને સહાય કરવામાં તત્પર બને છે. આ પ્રમાણે દરેક વસ્તુઓ પ્રકૃતિમંડમાં નાટકીઆની પેઠે નવા નવા રૂપ ધારણ કરે છે.

૫૪—અચલ સિદ્ધાંત ( પ્રથમ પ્ર૦ મધ્યમ પ્ર૦ ૩૧ પાન. ૨૩ ) માં કહ્યું છે કે—જીવ, માયા, ઇશ્વર, બ્રહ્મ, અને પરમબ્રહ્મ, એ પાંચ તત્વો અનાદિ છે. -આ ગ્રંથમાં સ્વામીનારાયણના પ્રવચનો છે.

૫૫—મો૦ ગી૦ કાપડીયા( સોલિસીટર ) લખે છે કે સૃષ્ટિની આદિ માનતા, સૃષ્ટિકર્તા માનવો પડે છે. હવે સૃષ્ટિકર્તા ઇશ્વર હોય તો તેનાં ઇશ્વરાંશ અને ઇચ્છા જીવોમાં હોવું જ જોઇએ પણ સૃષ્ટિમાં બધે આવી ઇશ્વરાંશ સૂચક નિર્મળતા ભાસમાન થતી નથી. વળી સૃષ્ટિનો પ્રેરક પણ માનવો પડે છે. જો સૃષ્ટિનો પ્રેરક ઇશ્વર હોય તો તેની વિભૂતિમાં કોઇ પણ પ્રાણી દુ:ખી રહેવા ન જોઇએ. વળી આ પૃથ્વી પહેલાં પણ કાંઇ હોય એમ માનવું પડે છે પણ તે ખુલાસો થવો મુશ્કેલ છે.

સૃષ્ટિ કરવાનું પ્રયોજન માનવું પડે છે—ઇશ્વરે દયાલુપણે આ સૃષ્ટિ રચી છે અને સર્વને મોક્ષે પહોંચાડે છે. આમ હોય તો પ્રશ્ન થાય છે કે—પ્રલયકાળના પ્રાણીને શરીર મન કે વાણી હતા નહિં તો પછી તેઓને દુ:ખ શું હતું ? વિચાર કેવી રીતે કરી શકયા ? તથા કેવી રીતે બનાવી શકયા ? તેનો ઉત્તર મળી શકતો નથી. અને દયાળુ ઇશ્વરના જગતમાં દુ:ખી જીવો ઘણાં દેખાય છે જેથી દયાળુપણું ઘટી શકતું નથી. ક્રીડા માટે આ સૃષ્ટિને રચે છે એમ માનીયે તો જીવોમાં દુ:ખ, દિનતા, યુદ્ધ વિગેરે પ્રસંગો દેખી આનંદ માનવો તેવું મહાત્માને હોતુંજ નથી. કદાચ ઐશ્વર્ય બનાવવા સૃષ્ટિ રચે છે એમ હોય તો અભિમાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવાને કારણ રહે છે. આ રીતે સૃષ્ટિને આદિ માનતાં ઘણા બાધક પ્રમાણો મળે છે જેથી સૃષ્ટિનો કર્તા કોઇ અન્ય હોય એમ માની શકાતું નથી ( જૈન ધર્મ પ્રકાશ ૧૬ અંક ૧૧–૧૨ સં. ૧૯૫૭ મહા ફાગણ )

૫૬—**મહાશંકર** ઇંદરજી હવે લખે છે કે—આફ્રિકાના જંગલીઓ ચંદ્રમા અને દેડકાના વાદમાં જગતની ઉત્પત્તિ માને છે. વિદ્વાનો આ સૃષ્ટિની ઉત્પત્તિનો મેળ ઇશ્વર અને શયતાનના વાદમાં ગોઠવે છે. સૃષ્ટિકર્તા ગુણમય છે કે નિર્ગુણ ? સૃષ્ટિ થઇ તે પહેલાં શું હતું ? આ ઘટના બીજી કોઇવાર બની હતી કે નહિ ? ઇત્યાદિ પૂછપરછ કરો નહિં. માત્ર માનો કે સૃષ્ટિની ઉત્પત્તિ થઇ ઈશ્વરની ઇચ્છામાંથી. એટલે તેણે ઇચ્છા કરી કે–જગત આ પ્રમાણે, આજ નિયમે, આજ રસ્તે ચાલે. તેથી જગતયંત્ર તેજ પ્રમાણે તેજ નિયમે તેજ રસ્તે ચાલવા લાગ્યું, આ બાબત સર્વાદિ સમંત છે. સેતાનની હૈયાતી કુરૂપતા, દુઃખ, દુર્બળપીડા, મૂર્ખતા આદિ જગતમાં હોવાથી ઇશ્વરનાં સર્વજ્ઞત્વ સૌંદર્યમયત્વ કરૂણામયત્વ સર્વસામર્થ્યત્વ અને ન્યાય ઉપર કટાક્ષ થાય છે; આ બધી ગડબડમાં એકજ ખુલાસો મળે છે કે–" આ બધું અજ્ઞેય છે " ત્યારે એકયંત્રિએ આ પ્રચંડ જગતયંત્ર બનાવ્યું છે. અહિં આ વાતથી સંતોષ થતો નથી. કેમકે કુંભાર તૈયાર માટીમાંથી પોતાની બુદ્ધિ પ્રમાણે વાસણ તૈયાર કરે છે, એમ ઈશ્વરે તૈયાર માલ મસાલામાંથી જગત બનાવ્યું, એ યુક્તિ સમજી શકાય છે. પરંતુ બ્રહ્માંડ ઘડવાનો મશાલો કયાંથી આવ્યો ? તેનો જવાબ દુર્લભ છે એટલે અભાવમાંથી ભાવની ઉત્પત્તિ કલ્પવી એ માનુષી જ્ઞાનની બહારની વાત છે. જગત બનાવવા નો કાચો માલ કયાંથી આવ્યો ? જવાબ ન મળે, તો પછી કાચા માલથી જગતયંત્ર બન્યું આ માત્ર યુક્તિનો વિષય છે. જેનો ખુલાસો પ્રાકૃતિ નિયમ જાણનાર વિજ્ઞાનીઓજ કરી શકે તેમ છે. **વિજ્ઞાનના** મત પ્રમાણે ઇથર અને પરમાણુ એ બેના મસાલાથી જગત નિર્માણ થયું છે. મહા-વૈજ્ઞાનિક કલાર્ક **મેકિસવેલના** કથન પ્રમાણે પરમાણુ જાણે " ઢાળીઆ ઢાળ્યા હોય એમ ગોઠવેલા છે " અહીં તો એકાદ શિલ્પીની આવશ્યક્તા છે. આ વાત સાંખ્ય અને વેદાંતના અભ્યાસીઓના મગજમાં બરાબર રૂચે તેવી છે, બહુ વિચારીએ તો હું જગતનો અંશ છું, જગત મારો અંશ છે, જગત ન હોત તો હું હોત નહિં ઇત્યાદિ બોલી શકાય તેમ નથી, પરંતુ **જગત ન હોત હું જગત રહેત નહી** એમ સાહસથી બોલી શકાય છે, એટલે મારી ચેતનાના વિકાસ સાથે મારૂં જગત વિકસે છે એમ કહેવું એ બરાબર છે. કેટલાક ચૈતન્ય કણના સમવાયથી ચેતના ઉત્પન્ન થાય છે તે સમગ્ર દૃષ્ટિભૂત ચૈતન્ય કણના પ્રવાહને સમષ્ટિ રૂપે જોઇ શકે છે. તેથી તેમાં " અહં " જ્ઞાનની ઉત્પત્તિ થાય છે બીજી તરફ પોતપોતાનું વિશ્લેષણ કરે છે જેથી સુષુપ્તિ, સ્વપ્ન અને જાગ્રત એમ ત્રણ અવસ્થા રૂપે વિકાસમા ધકેલાય છે, ઘણું કરીને કૃમિ વિગેરે સુષુપ્ત માખી વિગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વપ્નસ્થ, અને ઉચ્ચતર જીવો જાગ્રત હોય છે. આ પ્રમાણે ચેતનાના આત્મા અહં અને પ્રકૃતિ બાહ્ય જગત તથા દેશવ્યાપ્તિ અને કાળ વ્યાપ્તિ એવા ભેદોથી જેમ રણશીંગાના શબ્દથી સૈન્ય સંકેત પ્રમાણે ગોઠવાઇ જાય છે તેમ પોતે સંકેતથી અનુભુતિને ગોઠવે છે, હજુ ચેતનને વિકાસ સંપૂર્ણ થયો નથી, તેથી ગતિ શરૂજ રાખે છે. પોતે દરેકને નિયમિત કરવા પ્રયત્ન કર્યા કરે છે હજી પણ જે પોતાના નિયમમાં આવ્યું નથી તેના માટે ભૂત-પ્રેત-દેવમિરેકલ વિગેરે નામો અને પોતાની સિવાય અન્ય વિધાતા છે એવી કલ્પના કરે છે અને તેમાં પણ ચેતનાનો વિકાસ થાય છે આનું નામજ વિજ્ઞાન ચર્ચા છે.

પ્રકૃતિ—દેશ વ્યાપ્ત—કાળ વ્યાપ્તિ નિયમોએ દરેક પોતાના છે પણ જગત અનંત છે કાળ અનાદિ છે, દેશ અસીમ છે. આ વાકયો કલ્પના માત્ર છે, કેમકે પોતાનું મગજ શાંત છે તો જે દેખાય તે અસ્તિત્વવાળું છે. કાળ શાંત છે, પરિચયવાળા હૈયાત છે, અને આત્મ વિકાસ સાથે દેશ અને કાળની સીમા દૂર દૂર થતી જાય છે.

એટલે જેનું જગત નિયમવશ તેનો આત્મા સુસ્થ-સબળ અને સામર્થ્યવાન ગણાય છે, અને જેનું જગત નિયમવશ નથી તે " પાગલ " વિગેરે વિશેષણોથી વિભૂષિત થાય છે.

પોતાની અભિવ્યકિત તેજ જગત રચના. મનુષ્ય જ્ઞાનને બીજી કોઇ સૃષ્ટિનો વિષય અવગત નથી ( ચિત્ર ૦૯/૫ JULY 1923 )

## નિવેદન ૧૨ મું.

A હવે જગત ક્યારે બન્યું ને કોણે બનાવ્યું! તે માટે હિંદ બહારના દેશોના ધર્મગ્રંથો આ પ્રમાણે કહે છે—બાઈબલમાં કહ્યું છે કે આદિ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યા અને પૃથ્વી અસ્તો વ્યસ્ત તથા ખુલ્લી હતી, તે જલનિધિપર અંધારૂ હતું, ને દેવનો આત્મા પાણી પર ચાલતો હતો ને દેવે કહ્યું કે— અજવાળું થાઓ એટલે અજવાળું થયું ને દેવે તે અજવાળું જોયું કે તે સારૂં છે, ને દેવે અજવાળું ને અંધારૂં જુદું પાડયું ને દેવે અંજવાળાને દહાડો કહ્યો ને અંધારાને રાત કહી તે સાંજ હતી તથા સવાર પહેલો દિવસ. (કલમ ૧થી ૫)*૩૮

*૩૮ બાઇબલમાં કેટલીક વાતો આ પ્રમાણે છે કે, હજકીઅલ. ૨૩=૧ થી ૪ મીસર વ્યભીચાર પ્રભુ વિષે શરમ ભરેલી નોંધ પાઉલ રૂપી ૩–૭ ધર્મમાટે જુઠું બોલવું ઉહાન ૭–૮–૧૦, ફ્રર્મા. ૩–૭ ઉત્પતિ. ૩ નીર્ગમન. ૧૨–૩૫ માં લખે છે કે ઇસુ જુઠુ બોલ્યો હતો ઉત્પતિ ૬=૬ માણસો ઉપજાવી પ્રભુને પસ્તાવો થયો હતો. (જૈનધર્મની સત્યતામાંથી. ).

સૂચના—આ બાઇબલના ઉલ્લેખમાંને સ્થાને " અને " સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવે કહ્યું પાણીની વચ્ચે અંતરીક્ષ થાઓ ને પાણી પાણીથી જુદા કરો ને દેવે અંતરીક્ષ બનાવ્યું ને અંતરીક્ષની તળેનાં પાણીને અંતરીક્ષની ઉપરના પાણીથી જુદા કીધા. ને તેવું થયું ને દેવે તે અંતરીક્ષને આકાશ કહ્યું ને સાંજ હતી ને સવાર હતી. બીજો દિવસ ( ૬ થી ૮ )

દેવે કહ્યું આકાશ તળેનાં પાણી એકજ જગ્યાએ એકઠા થાઓ ને કોરી ભૂમી દેખાવમાં આવી. ને તેવું થયું ને દેવે કોરી ભૂમીને પૃથ્વી કહીને એકઠા થયેલા પાણી ને સમુદ્રો કહ્યા ને દેવે જોયું કે તે સારૂં છે અને કહ્યું કે તે ઘાસ; તથા બીજદાયક શાક, તથા ફલ વૃક્ષ પોતપોતાની જાત પ્રમાણે ફલદાયક, જેના બીજ પોતામાં પૃથ્વી પર છે તેઓને પૃથ્વી ઉગવે, ને એમ થયું ને તે સર્વ પોતામાં છે તેઓને પૃથ્વીએ ઉગાડ્યા. ને દેવે જોયું કે તે સારૂં છે સાંજ હતી ને સવાર હતી. ત્રીજો દિવસ ૯ થી ૧૩ દેવે કહ્યું રાત દહાડો જુદા કરવા સારૂ આકાશના અંતરીક્ષમાં જ્યોતિષિઓ થાઓને તેઓ ચિન્હો ઋતુ દિવસો અને વર્ષોના અર્થે થાઓ ને પૃથ્વીપર અજવાળું આપવા આકાશમાં જ્યોતિષીઓ થાઓ ને તેવું થયું ને દિવસ તથા રાત્રિ પર અમલ ચલાવવાને તે અજવાળું અંધારૂં જુદા કરવા બે મોટી જ્યોતિ, તથા તારાઓ બનાવી આકાશમાં સ્થિર કીધાં. ને દેવે જોયું કે તે સારૂં છે ને સાંજ હતી તથા સવાર હતી. ચોથો દિવસ. ( ૧૪ થી ૧૯ )

દેવે કહ્યું કે જીવ જંતુઓને પાણી પુષ્કલ ઉપજાવો તથા પૃથ્વી પરના આકાશ અંતરિક્ષમાં પક્ષિઓ ઊડો ને દેવે મોટા માછલા પેઠે ચાલનારા જીવ જંતુઓને દરેક પોતપોતાની જાત પ્રમાણેના પ્રાણીઓ પુષ્કલ ઉપજાવ્યા તથા પોતપોતાની જાત પ્રમાણે હરેક-પક્ષીઓને ઉત્પન્ન કીધાં ને દેવે તેને આશીર્વાદ દઈને કહ્યુ કે,— સફલ થાઓને વધોને સમુદ્રમાનાં પાણી ભરપૂર કરોને પૃથ્વીપર પક્ષીઓ વધે. અને સાંજ હતી ને સવાર હતી. પાંચમો દિવસ ( ૨૦ થી ૨૩ )

દેવે કહ્યું કે ગ્રામ્ય પશુ તથા વન પશુઓને પોતપોતાની જાત પ્રમાણે પૃથ્વી ઉપજાવોને તેવું થયું. દેવે જોયું કે તે સારૂં છે ને દેવે કહ્યું કે આપણે પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે માણુસને બનાવી અને તેઓ દરેક પ્રાણીઓ પર અમલ ચલાવે, એમ દેવે પોતાના સ્વરૂપ પ્રમાણે માણુસને ઉત્પન્ન કર્યું તેણે તેઓને નરનારી ઉત્પન્ન કીધાં ને દેવોએ તેને આશીર્વાદ દઈને કહ્યું કે સફલ થાઓને વધો. પૃથ્વીને ભરપૂર કરો. વશ કરોને દરેક પર અમલ ચલાવો. ને દેવે કહ્યું કે હરેક શાક બીજને વૃક્ષો મેં તમને આપ્યા છે, તેઓ તમને ખોરાકને સારૂ થશે ને પૃથ્વીના હરેક પ્રાણી જેમાં જીવનનો શ્વાસ છે તેઓના ખોરાકને માટે મેં લીલોતરી આપી છે ને તેવું થયું દેવે ઉત્પન્ન કરેલું તે સર્વ જોયું—જુઓને ઉત્તમોત્તમ સાંજ હતી. સવાર હતી. છઠ્ઠો દિવસ ( ૨૪ થી ૩૧. )

આ પ્રમાણે આકાશ પૃથ્વી તથા સર્વ સૈન્ય પુરા થયા. દેવે તે પોતાનું કામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાતમે દિવસે પુરૂ કીધું ને સર્વ કામોથી તે સાતમે દિવસે સ્વસ્થ થયો. ને દેવે સાતમા સાબ્બાયદીનને આશીર્વાદ દઇને પવિત્ર ઠરાવ્યો, કારણ કે તે દીને સર્વ બનાવવાના કામથી સ્વસ્થ થયો. આકાશ તથા પૃથ્વીની ઉત્પત્તિનું વર્ણન આ છે ને યહોવાહદેવે ભૂમિની માટીમાંથી માણસ બનાવી, તેના નસ્કોરામાં જીવનનો શ્વાસ કુંકયો એટલે તે સજીવ પ્રાણી થયું. વળી પૂર્વ તરફ એક વાડી બનાવી તેમાં બનાવેલ માણસને રાખ્યું હવે **આદમ**ને ભર ઉંઘમાં નાખી તેની પાંસળીઓમાંથી એક પાંસળી લઇને તે સ્થાને માંસ ભર્યું, તેમ પાંસળીની એક સ્ત્રી બનાવી, માણસની પાસે લાવ્યો. આદમે સર્પની ધૂર્તતાથી પોતાની આંખના પાટા છોડવાથી સ્વપર વસ્તુનો જ્ઞાતા થયેલ જોઇ યહોવાહદેવે—ને કહ્યું કે તે માણસ આપણામાંના એકના સરખો ભલું ભુંડું જાણનાર થયો છે, હવે રખેને તે હાથ લાંબો કરી જીવનના વૃક્ષનું ફળ, તોડી ખાયને સદા જીવે આ વ્યક્તિથી મનુષ્યોનો વંશ ચાલેલ છે. આદમ ૯૩૦ વર્ષ જીવ્યો હતો. ત્યાર પછી **શેશ** થયો ને આઠસો સાત વર્ષ જીવ્યો હતો. ત્યાર પછી જલપ્રલય અગ્નિવૃષ્ટિ ડુબાવવું આદિથી કેટલીક વાર લોકોનો નાશ કર્યો હતો, દષ્ટાંતવચન પ્રકરણમાં કહ્યું છે કે, ડહાપણ તથા સંગીન જ્ઞાન મારાં છે. હું બુદ્ધિ છું, મને સામર્થ્ય છે. યહોવાહે પોતાની કારકીર્દિના આરંભમાં તેના અસલના કૃત્યો અગાઉ મને ઉત્પન્ન કીધું–જ્યારે તેણે પૃથ્વીના પાયા આંકયા ત્યારે મીસ્ત્રી તરીકે હું તેની સાથે હતું. ફરી તે પ્રકરણમાં કહે છે કે, સ્વર્ગનું બારણું ઉઘાડયું અને માણસને સારૂ મુક્તિ ઠરાવી ચીમોંશાહ પ્રકરણમાં કહે છે કે તેણે સામર્થ્યથી પૃથ્વી બનાવી. પોતાને જ્ઞાને ધરી રાખી છે, પોતાની બુદ્ધિથી આકાશ પ્રસાર્યું છે. તેના શબ્દથી **મેઘગર્જના** થાય છે; પૃથ્વીને છેડેથી તે ધુમાડો ચડાવે છે, વૃષ્ટિ માટે વિદ્યુત ઉપજાવે છે, પોતાના ભંડારોમાંથી વાયુ કાઢે છે. **આમોસ** પ્રકરણમાં કહ્યું છે કે–આકાશમાં પોતાની ઓરડી બાંધે છે પૃથ્વીની સપાટી પર રેડી દે છે તેનું નામ યહોવાહ છે.

**ગીતશાસ્ત્ર** પ્રકરણમાં કહ્યું છે કે, તેણે સમુદ્રપર પાયો નાખીને પ્રવાહો પર તેને સ્થાપિત કીધું છે. દેવના શબ્દથી આકાશોને શ્વાસોથી સૈન્ય બન્યા છે. કેમકે તે બોલ્યોને (સૃષ્ટિ) થઇ તેણે હુકમ કીધો. ને સ્થાપિત થઇ છે. તે પાણી પર પોતાના ઓરડાના ભારવટીઆ મૂકે છે. વાદલાંને પોતાનો રથ બનાવે છે ને વાયુની પાંખો પર ચાલે છે. કદી ખસે નહિ એવો તેણે પૃથ્વીનો પાયો નાખ્યો છે તે પોતાના ઓરડેથી ડુંગરોપર પાણી સીંચે છે. તેણે દિવસ તથા રાત્રિનો અમલ ચલાવવા સૂર્ય ચંદ્ર ને તારા બનાવ્યા છે. આ પ્રમાણે બાઇબલના આધારે આ જગતનો ઉત્પત્તિકાળ લગભગ પાંચ હજાર વર્ષનો મનાય છે. આ વાત સાચી માનવામાં કેટલોક દોષ હોવાથી મન અચકાય છે, કારણ કે દેવનો આત્મા પાણી પર ચાલતો હતો તો પછી તે પાણી શેની પર હશે ? જેના બીજ પોતાનામાં છે તેને પૃથ્વી ઉગવે, એમ દેવે આદેશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યો, તો પૃથ્વીમાં પહેલેથી બીજ કયાંથી હતાં ? કદાચ પહેલેથી હોવાનું માનીયે તો યહોવાહનું–કર્તવ્યપણું સાબીત થતું નથી. સૂર્ય, ચંદ્ર કે પ્રકાશી વસ્તુ વિના પ્રકાશ હોવાનું સંભવે જ કેમ ? ત્યારે આ ઉત્પત્તિમાં તો અજવાળું અધારૂં પહેલેજ દિવસે હતાં ને સૂર્ય ચંદ્ર ચોથે દિવસે થયા. કેવી નવાઈની વાત છે કે સૂર્ય ચંદ્રના દિવસોની ગણતરી કરાઈ. આ વાત કયો બુદ્ધિવાન કબુલ કરે ? યહોવાહે આદમને બનાવ્યો ત્યારે તે સર્વજ્ઞ હોત તો આદમની ભવિષ્યની સ્થિતિનું જ્ઞાન ન હતું કે તેને જીવનવૃક્ષના સંજોગો ઉત્પન્ન કરી દીધા ને પછી " તે રખે સદા જીવી થઇ જશે " તો તો આપણુને નહીં માને ઇત્યાદિક ભય લાગ્યો. વળી સાબીત થાય છે કે આદમની જીંદગીપર યહોવાહનો કાંઈ હકજ નહોતો. વળી મનુષ્યોને સર્વજ્ઞતાના જ્ઞાનથીજ બનાવ્યા હોય, સર્વ પર રહેમ હોય તો દોષાન્વીત ઠરાવી ડુબાવી દેવા કે બાળી દેવાના પ્રયત્નો કેમ કરવા પડયા ? ઘનોદધિ એટલે કઠણ પાણીપર પૃથ્વી છે એમ કહે તો હજી ઠીક માની શકાય. પણ અહીં તો સમુદ્રના પ્રવાહપર પૃથ્વી સ્થાપિત કરી, વળી પૃથ્વી માટે સમુદ્ર પહેલો હતો તેમ જણાવે છે. આ પ્રમાણેના આ સંબંધ કથનોપકથનથી વર્તમાન ફિલસુફી ઓ પણ તે વાતને સત્ય માનવા નાપસંદગી જણાવે છે. ( ચાલુ )

# સમભાવ.

" **मातुष** " " **मारुष** " મંત્રનું, સેવન કરો સદાય;
ભવસિંધુ તરવા તણો, ઉત્તમ એજ ઉપાય. ૧
સ્તુતિ કે નિંદા ભલે, કરે જગતના લોક;
સમભાવે રહેજો સદા, જાણી સઘળું ફોક. ૨
ભલે રાજ્યરિદ્ધિ મળે, ભલે વેર અન્નદાંત;
વૃત્તિ સમતુલ્ય રાખજો, સદા રહી ઉપશાંત. ૩
સુખ સઘળું સમભાવમાં, દુઃખ ન દિસે લેશ;
આદરજો એ ભાવને, જાણી મારગ બેશ. ૪
સુખ માને સંયોગમાં, વિયોગથી અકળાય,
વર્તન એવું રાખતાં, કાર્યસિદ્ધિ નવ થાય. ૫
ઇચ્છે જીવિત સુખમાં, દુઃખમાં મરવા ચહાય;
પાગલ એવા પ્રાણીઓ, કદિ સુખી નવ થાય. ૬
સાર સકળ સિદ્ધાંતનો, મહામંત્ર ગુણખાણ;
" **मातुष** " " **मारुष** " સેવજો, જો ઇચ્છો કલ્યાણ. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન વચ કાયે સેવતાં, નિશ્ચય પદ નિર્વાણ;
સાંપડશે સહેજે સહી, કહે જ્ઞાની જગભાણ. ૮
સાધે સુખકર મંત્ર આ, જે પ્રાણી પુણ્યવાન;
કહે છગન ગાઓ સદા, તેહ તણા ગુણગાન. ૯

વેજલપુર-ભરૂચ } છગનલાલ નહાનચંદ નાણાવટી.

# સમાજ સેવા.

જૈન કોમની, આખા હિંદુસ્તાનની વસ્તીની ગણતરીના પ્રમાણમાં, જે વસ્તી હૈયાતી ભોગવે છે તે હિંદુસ્તાનના બીજા ધર્મોના અનુયાયીઓની સંખ્યા તરફ જોતાં ઘણી ઓછી સંખ્યા ધરાવે છે; છતાં વ્યાપારાદિક કાર્યમાં રોકાયેલ હોવાથી પોતાનું સ્થાન એક અગ્રગણ્ય કોમ તરીકે સાચવી રહેલ છે, તોપણ ખેદની વાત તો એ છે કે જૈન કોમના અનુયાયીઓની સંખ્યા દરેક દસકામાં ઘટતી જવાના કારણને લીધે, કોમની ઉન્નતિનાં કાર્યમાં, જૈન કોમનો મોટો ભાગ ભાગ્યેજ જોઇએ તેટલો રસ લેતો હોય તેમ માલુમ પડે છે. અજ્ઞાનતા અને ધાર્મિક જ્ઞાનના અભાવે આપણને આપણા ધર્મના અનુયાયીઓને બીજા ધર્મમાં ભળી જતા હોવાની વાતો સરકારી રિપોર્ટો પુરા પાડે છે; તે ઉપરાંત ધાર્મિક મતભેદ અને તેને લીધે ઉપજતો કલેશ અને કંકાશની વૃદ્ધિ એટલી બધી વધતી જાય છે કે આવી જાતની આપણી દુ:ખદાયક સ્થિતિનો અંત કયારે આવશે તે કલ્પનામાં આવી શકે તેમજ નથી. ધાર્મિક ઉન્નતિ માટે આપણા પૂજ્ય મુનિ મહારાજો બનતી કોશેશો કરે છે તે મુજબ સામાજીક સુધારા માટે જાહેર સભાઓ, મંડળો, એસોસીએશન અને કોન્ફરન્સની હસ્તી જુદી જુદી દિશામાં પ્રગતિ કરતા આપણે જોઇએ છીએ અને તે દ્વારાએ સમાજ સેવાનો ઝબ્બો પહેરી, માનદ હોદ્દેદાર તરીકે, કેટલીક પ્રવૃત્તિ, વ્યક્તિગત પ્રયત્નોથી, કેટલેક ઠેકાણે કાર્ય કરનારાઓ મારફત કોશેશો થાય છે. આટલું છતાં જ્યારે ક્રીશ્ચીઅનો, આર્ય સમાજીષ્ટો અને ઇતર કોમો પોતાના અનુયાયીઓમાં વૃદ્ધિ કરવા મથી રહેલ છે ત્યારે એથી ઉલટી રીતે આપણે બીજી કોમોની પાછળ કેમ રહી જઇએ છીએ તેનો વિચાર કરવા બેસીએ તો આપણને માલુમ પડયા વિના રહેશે નહિ કે આપણે આપણી વ્યકિત ગત ઉન્નતિને વિસરી ગયા છીએ. જો દરેક મનુષ્ય પોતાની જાતને સુધારવા પાછળ પ્રયત્ન કરે તો આખો સમાજ કુદરતી રીતે સુધરી શકે તે નિર્વિવાદ વાત છે. પરંતુ ધર્મને નામે કેટલેક ઠેકાણે સભાઓ, મંડળો તથા નવીન સંસ્થાઓ સ્થાપી, ધાર્મિક ઉન્નતિની મોટી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટી વાતો, કોમના અજ્ઞાન અને ભોળા દીલના મનુષ્યો સન્મુખ રજુ કરી એવા એવા દેખાવો કરવામાં આવે કે કોમની ઉન્નતિ, આ હીલચાલથી જ થશે વગેરે બાબતો વિવેચનપૂર્વક રજુ કરી પોતાના ક્ષણિક જુસ્સાને વશ થઈ સમાજ સેવાના ઉત્તમ કાર્યને પાર પાડવા મહેનત કરવામાં આવે અને આવું કાર્ય ગમે તેટલું પ્રશંસાપાત્ર હોવા છતાં કાર્યવાહક, જે સત્તાને પોતે આધીન હોય છે તેની જવાબદારીનો તેમજ પોતાની શકિતનો કાંઇપણ વિચાર કર્યા વગર જે ભાર પોતાને માથે વહન કરે છે તે છેવટે બોજારૂપ થઇ પડતા જે આનંદ શરૂઆતમાં માલુમ પડતો હતો તેજ તેની મુશ્કેલીના કારણભૂત થતાં દિલગીરીનો પાર રહેતો નથી.

હાલના વખતમાં સમાજ સેવાને નામે જેટલો વાક્ચાતુર્ય અને લેખન શકિતમાં પોતાના ઉપયોગી સમયનો જે ભોગ આપવામાં આવે છે તેટલોજ વખત જો પોતાના સમાજ સેવક તરીકેના કર્ત્તવ્યના પ્રદેશમાં કરવામાં આવતો હોય તો અત્યારે સામાજીક પ્રગતિના કાર્યથી જે સંગીન લાભ કોમને થવો જોઇએ તે નહિ જોતાં જયાં ત્યાં ઉન્નતિના માર્ગમાં કાંટાના ઝાડો રોપાય છે તે જોવાની તક ભાગ્યેજ મળે. તેટલાજ માટે સામાજીક સેવા ને અંગે વિચારો અને તેને અંગે થતા કાર્યોની હીલચાલ જે સમાજની દૃષ્ટિમાં શંકાસ્પદ લાગતી હોય તે સમાજસેવાની તેમજ સમાજની પડતી થવાની નીશાનીઓ રૂપે છે. હમેશાં શુદ્ધ વિચારોનું પરિણામ શુભજ આવે છે અને તેથી જો આપણે સમાજનું હિત ઇચ્છતા હોઇએ તો વ્યકિતગત પ્રયત્નોથી પોતાની જાતે જ ઉત્તમ વિચારનું સેવન કરવું જોઇએ અને ચારિત્રવાન બનવું જોઇએ. જયાં સુધી જાહેર કાર્યમાં રસ લઇ કાર્યવાહક તરીકે નિઃસ્વાર્થ વૃત્તિથી બહાર આવતાં, પોતાના કાર્ય માટે, જનસમૂહના સર્ટીફીકેટ મેળવવાની જરૂરીઆત સ્વીકાર્યા પહેલાં કાંઇપણ શંકાસ્પદ સવાલ ઉત્પન્ન થાય તો, પોતાની સતાની રૂએ, પોતે સેવાધર્મના કાર્યમાં કયા સ્થાનમાં ઉભો રહેલ છે તે તરફ પોતાનામાં જ પોતે શોધી કાઢવા હૃદયમાં બહુજ વિચાર કરવો જોઇએ; અને સમાજ સેવાના સાચા કાર્યવાહક તરીકે સાબીત કરવા સારૂં લોકમતને માન આપી પોતાની સેવાની ખરી કીંમત અંકાવવામાં ડહાપણ રહેલ છે; પરંતુ સત્તાના અભિમાન નીચે લોકમતને માન નહિ આપવાથી સમાજ સેવાથી કુદરતી રીતે ફારેગ થવાની ફરજ પડતા જે લાભ ભવિષ્યને સેવક તરીકે આપવાનો ઇરાદો થતો હતો તે નાબુદ થતાં તેટલે દરજ્જે દોષિત થવું પડે છે તેટલાજ માટે કોમના અને સમાજના ભાવી ઉદય માટે ઉત્કંઠા રાખનાર, સમાજ સેવકે પોતાના શુદ્ધ ચારિત્રની બીજી વ્યકિતઓ ઉપર પ્રભા પાડી શકશે કે કેમ તેનો વિચાર કર્યા પછીજ સેવાના કાર્યમાં જોડાવું ઉતમ છે.

જૈન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગાર્હસ્થ્ય જીવન.

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

( ગતાંક પૃષ્ઠ ૧૨૩ થી શરૂ )

સાચું કહીએ તો ગાર્હસ્થ્ય જીવનમાં સ્ત્રીનુંજ રાજ્ય હોય છે. ઘરમાં વૃદ્ધ સ્ત્રી જેવી રીતે ઈચ્છે છે અને ગૃહસ્થીનો પ્રબંધ કરે છે તે રીતેજ થાય છે. નાની મોટી સઘળી વાતોમાં લોકોને એનો મત પૂછવો પડે છે. વિશેષે કરીને બાલકોને તો એથી પણ વધારે સ્ત્રીઓ ઉપર નિર્ભર રહેવું પડે છે. જ્યારે બાળકોને કોઇ વસ્તુની જરૂર પડે છે અથવા તેઓને કોઇ પ્રકારનું કષ્ટ પડે છે ત્યારે તેઓ તુરત માતાનુંજ શરણુ લે છે. માતા પણ તરતજ સ્નેહપૂર્વક તેઓનાં કષ્ટનું નિવારણ કરી દે છે. જો એ ગૃહપ્રબન્ધ યાને ગૃહ–રાજ્ય સરલતા અને ઉત્તમતા પૂર્વક ચાલતો રહે તો સર્વ ગૃહસ્થી લોકોને કેવળ સ્વર્ગીય સુખની પ્રાપ્તિ થાય એટલુંજ નહિ પરંતુ સમાજ અને દેશની ઉન્નતિ પણ સહજમાંજ થઇ જાય. ભગવાન મનુએ કહ્યું છે કે ' **यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ।** અર્થાત્ જે ગૃહોમાં સ્ત્રીઓનું માન સન્માન થાય છે ત્યાં દેવતાઓ રમણ કરે છે. આ કથનનું મુખ્ય તાત્પર્ય એ છે કે જો સ્ત્રીઓનો યોગ્ય આદર કરવામાં આવે, ગૃહસ્થોના પ્રબન્ધનો તેઓને પૂરેપૂરો અધિકાર આપવામાં આવે અને તેઓને કોઈપણ પ્રકારનું કષ્ટ પહોંચાડવામાં ન આવે તો પરિવારનાં સુખ અને સંપન્નતાની પૂર્ણ વૃદ્ધિ થાય છે. માતાની ગોદમાં ખેલનાર નાનાં બાળકો આપણી ભાવી પ્રજાના બીજરૂપ છે. જે રૂપે એ બીજ અંકુરિત બનીને વધશે યાને ફુલશે ફાલશે તે રૂપમાં તે દેશની સ્થિતિમાં પણ પરિવર્તન થશે. મનુષ્યની પ્રવૃત્તિ તેમજ આચરણ વિગેરેનું સંગઠન કરવામાં સ્ત્રી જેટલી સમર્થ બને છે તેટલો સમર્થ બીજો કોઇ શિક્ષક બની શકતો નથી. ચારિત્રની ઉન્નતિજ દેશની ઉન્નતિનું મુખ્ય લક્ષણ છે અને ચારિત્રની ઉન્નતિ સૌથી વધારે સ્ત્રીઓ તરફથીજ થઇ શકે છે. પુરૂષ તો જનસમાજનું બુદ્ધિસ્થાન અથવા મન છે, પરંતુ સ્ત્રી તો તેનું પ્રેમ–સ્થાન યાને હ્રદય છે. પુરૂષ સમાજનું બળ છે, પરંતુ સ્ત્રીઓ તેના સૌન્દર્ય, આભૂષણ અને સુખરૂપ છે. સ્ત્રીઓમાં પ્રેમભાવ ઘણોજ સ્વાભાવિક હોય છે, જેને લઇને મનનો પ્રભાવ બહુજ વધી જાય છે, એટલા માટે માનવ–જીવનની સમસ્ત ઉત્તમતા અથવા નિકૃષ્ટતા કેવળ સ્ત્રીજાતિ ઉપરજ નિર્ભર રહેલી છે એ કથનમાં લેશ પણ સંદેહ નથી.

માનવ–ચારિત્રના સંગઠનમાં–દેશના ભવિષ્ય–નિર્માણમાં સ્ત્રીઓ ઘણુંજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહત્ત્વપૂર્ણ કાર્ય કરે છે. તેઓનું તે કાર્ય અત્યંત ગુપ્તરૂપે અથવા સ્વતઃ થયા કરે છે. લોકોને એનો ખ્યાલ પણ નથી હોતો સંસારમાં તેઓનાં કાર્યનો ભલે યોગ્ય આદર ન થતો હોય તોપણ તેઓનું કાર્ય ઘણુંજ મહત્વપૂર્ણ તેમજ વિશાલ છે એની ના પડાય તેમ નથી. કોઇ સ્ત્રીએ વેદપર ભાષ્ય નથી લખ્યું; મહાભારત, રામાયણ, કે રઘુવંશની રચના નથી કરી, સમુદ્રપર પુલ નથી બાંધ્યા; રાવણ, જરાસંધ કે કંસનો વધ કરીને પૃથ્વીનો ભાર નથી ઉતાર્યો; ખગોળ, ભૂગોળ કે રસાયનશાસ્ત્ર સંબંધી કોઇ નવા આવિષ્કાર નથી કર્યા, તોપણ એ સર્વ કાર્યોથી પણ વિશેષ ઉત્તમ અને મહત્ત્વપૂર્ણ કાર્ય સ્ત્રીઓએ કર્યું છે. સંસારના સઘળાં મહાન કાર્ય કરનારાઓએ સ્ત્રીઓથીજ બળ પ્રાપ્ત કર્યું છે. સ્ત્રીઓનાજ પ્રેમામૃતથી તે લોકો પુષ્ટ અને ઉત્તેજીત બન્યા છે. સ્ત્રીજાતિનું સ્થાન સંસારની ઉન્નતિ અને કલ્યાણ કરનારામાં ઘણુંજ ઉંચું છે. અમેરિકાને સ્વતંત્ર બનાવનાર જ્યૉર્જ વૉશિંગટન, આખા યુરોપમાં સંક્ષોભ ઉપજાવનાર નેપોલિયન, ઇંગ્લાંડમાં પ્રજાસત્તાક રાજ્ય સ્થાપનાર ક્રૉમવેલ, પંડિતશિરોમણી લૉર્ડબેકન અને કવિવર સ્કૉટ આદિ સર્વની માતાઓ ઘણીજ વિદુષી અને સદાચરણી હતી. ઉક્ત મહાનુભાવોની અધિકાંશ યોગ્યતા તેઓની માતાનાજ પ્રસાદરૂપ હતી. જે માતાએ પોતાના પુત્રને જેવો બનાવવા ઇચ્છ્યું તેવોજ તે બની ગયો. ક્રાઇસ્ટના પિતાનું નામ પણ કોઈ જાણતું નથી, પરંતુ તેની માતા મેરીનું નામ જગદ્વિખ્યાત છે. અકબર સઘળા ગુણો પોતાની માતા પાસેથીજ શીખ્યો હતો. જગતના ઇતિહાસને પાને પાને આવા દૃષ્ટાંતો ઝળહળી રહ્યાં છે.

એટલું તો સૌ કોઇ કબુલ કરશે કે કોઇપણ રાષ્ટ્રની ઉન્નતિ ઘણે અંશે સ્ત્રીઓના સદાચાર અને સંપન્નતાને લઈને જ થાય છે. માતાના સદ્‌ગુણ સ્તનપાનની સાથે જ પુત્રમાં ઉતરે છે. જે મહાનુભાવોએ સંસારમાં પોતાનાં નામ ચિર સ્મરણીય કર્યાં છે, તેઓના મોટા ભાગના મહત્વ અને યશનું કારણ તેઓની માતૃ શિક્ષાજ છે. મહાન સિકંદર, આલ્ફ્રેડધી ગ્રેટ તેમજ આપણા દેશના અનેક મહાપુરૂષોના ગુણોનો ઉત્કર્ષ તેઓને બાલ્યાવસ્થામાં મળેલ માતૃ શિક્ષાને લઈને જ થયો છે, તેઓના ગુણોનું બીજારોપણ બાલ્યાવસ્થામાં તેઓની માતાએ જ કર્યું હોય છે; જો કે દુનિયામાં એવી માતાઓ ઘણીજ થોડી થઇ છે જેઓએ પરિસ્થિતિ વિગેરે બરાબર ધ્યાનમાં રાખીને પોતાના પુત્રોને સંકટોથી બચાવવા ખાતર ઘણુંજ ધૈર્ય અને બુદ્ધિમત્તાથી તેઓને કર્તવ્ય–પંથ બતાવ્યો છે. અને અનુરોધપૂર્વક તેઓને એ પંથ ઉપર ચલાવીને તેઓની પાસે મહત્વપૂર્ણ કાર્યો કરાવ્યાં છે. પાંડવોની માતા કુંતી આ કોટિમાં આવી શકે છે. પાંડવોના જન્મકાળથી માંડીને મહાભારતના યુદ્ધમાં વિજયી બનીને રાજકાર્ય ચલાવવાના સમય સુધી તેઓની માતા કુન્તી જીવતી હતી તેણે પોતાના પાંચે પુત્રોને બાલ્યા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્થાથી જ ઉત્તમ અને યોગ્ય શિક્ષણ આપ્યું હતું. બાલ્યાવસ્થામાં જ પાંડવો ઉપર અનેક જાતનાં સંકટ આવ્યાં, પરંતુ કુન્તીએ અત્યંત ધૈર્ય તેમજ બુદ્ધિમતા પૂર્વક તે સર્વ સંકટોથી તેઓનું રક્ષણ કર્યું. તેમજ કઠિનમાં કઠિન પ્રસંગે પણ તેણે પોતાના પુત્રોને હતાશ કે કર્તવ્યવિમુખ થવા ન દીધા. યાદવોને પોતાના પક્ષમાં લેવામાં તેણે ઘણી સરસ રાજનીતિજ્ઞતાને પરિચય કરાવ્યો હતો, એટલે સુધી કે મહાભારતના યુદ્ધમાં પાંડવોને વિજયી બનાવવામાં પણ ઘણે અંશે કુન્તી માતા જ સહાયક બન્યાં હતાં.

રામ–રાવણ યુદ્ધમાં જ્યારે લક્ષ્મણની શક્તિ ખુટી ગઇ ત્યારે હનુમાનજી સંજીવની બુટ્ટી લેવા ગયા હતા. બુટ્ટી લઇને પાછા વળતી વખતે તેમણે લક્ષ્મણની શક્તિ ખુટી ગયાના સમાચાર અયોધ્યાવાસીઓને પણ સંભળાવ્યા હતા. એ દુઃખદ સમાચાર સાંભળીને જ સુમિત્રાથી ન રહેવાયું અને તેથી તેણે તુરત શત્રુઘ્નને પોતાની પાસે બોલાવીને તેને સેનાસહિત લંકા જઇને યુદ્ધ કરવાની આજ્ઞા આપી. માતાની આજ્ઞા અને તે પણ ઉત્સાહવર્ધક તથા આવેશપૂર્ણ શબ્દોમાં ! એ સમયે શત્રુઘ્ન તો શું પણ ગમે તેવો કાયર મનુષ્ય પણ સુમિત્રાના વચન સાંભળીને રણક્ષેત્રમાં પહોંચી જાય. શત્રુઘ્ને યુદ્ધની સઘળી તૈયારીઓ કરી લીધી. પ્રસ્થાન સમયે જો ગુરૂરાજ વસિષ્ઠે આવીને તેને ન સમજાવ્યો હોત તો શત્રુઘ્ન લંકા પહોંચીને ભીષણ યુદ્ધ જરૂર કરત.

જે વખતે યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કરવાના વિચારથી ઘોડા છોડ્યા અને તે સેનાનો અધિકારી અર્જુનને બનાવવામાં આવ્યો ત્યારે અર્જુન એ ઘોડાઓની સાથે ફરતો ફરતો મણિપુર પહોંચ્યો. મણિપુરમાં તેનો પુત્ર બભ્રુવાહનજ રાજ્ય કરતો હતો. જ્યારે બભ્રુવાહન પોતાના પિતાના આગમનના સમાચાર સાંભળ્યા ત્યારે તે કાંઇ ભેટ લઇને પિતાના દર્શન માટે આવી પહોંચ્યો; પરંતુ અર્જુને તેને કહ્યું કે હું આ વખતે તારો શત્રુ બનીને અહિં આવ્યો છું. તારે તારી સાથે સેના લઇને મારી સામે આવવું જોઇતું હતું અને મારી સાથે યુદ્ધ કરવું જોઇતું હતું; પરંતુ તેં તારાં કર્તવ્યનું યથાર્થ પાલન નથી કર્યું એ ઉપરથી હું સમજું છું કે તું મારો પુત્ર નથી. તે સમયે તેની વિમાતા અલોવા પણ એની સાથે હતી. જો કે બભ્રુવાહન તેનો સગો દીકરો નહોતો, છતાં પણ અર્જુનનાં ઉપરોક્ત વચનથી તેને ઘણોજ ક્રોધ ચડ્યો અને બભ્રુવાહનને તેણે તરતજ કહ્યું કે "પુત્ર, શું જોઇ રહ્યો છે ? તારી જન્મદાત્રી તો ચિત્રાંગદા છે, પરંતુ મેં જ તને પુત્રવત્ ઉછેરી મોટો કર્યો છે. તારે આ વખતે તારી માતાની જતી લાજ રાખવી જોઇએ. અને યુદ્ધ કરીને એ કલંકથી તારી પોતાની તેમજ તારી માતાની રક્ષા કરવી જોઇએ. આ સમયે મારી સામે મારા સ્વામીને બદલે કોઇ બીજો હોત તો હું પોતેજ યુદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરત." આ વચનો સાંભળી બભ્રુવાહનથી ન રહેવાયું. તે પોતાના પિતાની સાથે યુદ્ધમાં ઉતર્યો અને છેવટે હારીને ચાલ્યો ગયો.

જ્યારે હય હય વંશના કૃતવીર્ય રાજાએ નિર્દોષ જમદગ્નિને મારી નાંખ્યો ત્યારે રૂષિપત્ની રેણુકાને અત્યંત દુઃખ થયું. એટલામાં તેનો પુત્ર પરશુરામ આવી પહોંચ્યો તેણે આવીને જોયું કે પિતાજી ભૂમિપર પડેલા છે અને તેના ગળામાંથી લોહીની ધારા ચાલી રહી છે. તેના અનેક શિષ્યો પણ ઘાયલ થવાથી ચારે તરફ પડ્યા હતા. અને તેની પાસે માતા રેણુકા રૂદન કરતી ઉભી છે. પરશુરામને જોઇને રેણુકાને જરા ધીરજ આવી અને સંતોષ થયો. અને તેને ટુંકામાં આખી ઘટના કહ્યા પછી કહ્યું કે "પુત્ર, જેણે મને વિધવા અને તને પિતૃહીન કરેલ છે અને જે પોતાની વીરતાના ઘમંડમાં આવીને આપણી સઘળી ગાયો છીનવી લઇ ગયો છે તેનું વેર લેવાનું કામ તારૂં છે. જો તને તારી માતાના ગર્ભથી ઉત્પન્ન થવાનું તેમજ તેનું સ્તનપાન કરવાનું જરાપણ અભિમાન હોય તો તારે સત્વર જઇને કૃતવીર્યને તેની દુષ્ટતાનું ફલ ચખાડવું જોઇએ. હું તો હમણાંજ સતી થઉં છું, પરંતુ એટલું કહી જાઉં છું કે તું માતૃઋણ અદા કરી તારી ફરજ બજાવજે. એ બધું અહિં વિસ્તારથી કહેવાની જરૂર નથી. ટુંકામાં એ બધાં ઉદાહરણોથી એમ નથી સમજવાનું કે કોઇ અમુક અવસરેજ માતાએ પુત્રની પાસે કોઇ કાર્ય કરાવ્યું હતું. નહિ, માતાઓએ આરંભથીજ પોતાના પુત્રોને એ પ્રકારનું શિક્ષણજ આપ્યું હતું.

આતો બધી પૌરાણિક સમયની વાત થઇ. હવે કોઇ ઐતિહાસિક ઉદાહરણ લઇએ. પોતાના પિતાના મૃત્યુ સમયે પ્રસિદ્ધ વીર આલ્હા અને ઉદલ ઘણી બાળવયના હતા. તેઓને એટલી પણ ખબર નહોતી કે પોતાના પિતાનું ક્યાં અને કેવી રીતે મૃત્યુ થયું છે. પરંતુ તઓની માતા દેવળદેવી સાચી ક્ષત્રિયાણી અને વીરપત્ની હતી. તે એમ પણ જાણતી હતી કે પોતાનાં બાળકોને કેવા પ્રકારનું શિક્ષણ આપીને વીરમાતા બની શકાય. તે હમેશાં પોતાનાં નાના બન્ને પુત્રોને પોતાની પાસે રાખતી હતી અને હમેશાં રાત્રે સુવાને સમયે તેઓને મહાન વીરપુરૂષોનાં ચરિત્રો સંભળાવતી. સ્તનપાનના સમયથીજ તે તેઓને વીરતા અને કર્ત્તવ્યપરાયણતાનું શિક્ષણ આપતી હતી, જ્યારે બન્ને બાળકો જરા સમજણા થયા ત્યારે તે તેઓને લઇને જંગલો અને પહાડોમાં જવા લાગી અને ત્યાંજ તેઓને યુદ્ધવિદ્યાની તાલીમ આપવા લાગી. તાત્પર્ય એ છે કે બાલ્યાવસ્થાથીજ તે પોતાના પુત્રોને વીર, સાહસી અને યોદ્ધા બનાવવા લાગી. એ અવસ્થામાં તેણે તેઓને યુદ્ધના સઘળા દાવપેચ પણ સમજાવી દીધા અને તેઓને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માતૃભૂમિ પ્રત્યેના કર્ત્તવ્યનું શિક્ષણ પણ આપી દીધું. જ્યારે બન્ને બાળકો જરા પુખ્ત ઉમરના થયા ત્યારે તેણે તેઓને તેઓના પિતાના માર્યા જવાના સઘળા સમાચાર કહી સંભળાવ્યા અને તેઓને પોતાની સાથે લઈને દુશ્મનોના શહેર ઉપર આક્રમણ કર્યું અને ત્યાં આગળ તેણે પોતાના વીર પુત્રોની સહાયથી રણક્ષેત્રમાં દુશ્મનને હરાવ્યા.

આવતા અંકમાં વીરવર શિવાજીનું ચરિત્ર અત્યંત અનુકરણીય હોવાથી જરા વિસ્તારથી વિચારશું. —ચાલુ

# જૈન સાહિત્યનો વિકાસ કરવાની ખાસ આવશ્યકતા.

ધર્મ અને વ્યવહારનો ઉત્કર્ષ સાધવા માટે સાહિત્ય એક અદ્વિતીય અને દિવ્ય વસ્તુ છે. મનુષ્યે શેમાં સુખ માનવું ? કેવી પ્રવૃત્તિ કરવી ? તેનું કલ્યાણ શામાં છે ? એ આદિ અનેક વાતોનો વિચાર સાહિત્ય દ્વારા થઇ શકે છે. જન સમૂહના કલ્યાણનો આધાર પ્રત્યેક વ્યક્તિની પ્રવૃત્તિ ઉપર રહે છે અને તે પ્રવૃત્તિ પ્રત્યેક વ્યક્તિ જેમાં પોતાનું પરમ કલ્યાણ સમજે તે અનુસારે થાય છે. સર્વનું કલ્યાણ શોધવા માટે ઉત્તમ સાહિત્યના જેવું બીજું કોઈ સાધન નથી, એવું ધારીનેજ જૈન ધર્મના મહાત્માઓએ પોતાની આર્હત પ્રજાના અભ્યુદયને માટે સવિસ્તર સાહિત્ય પ્રસાર્યું છે. તેમાં તે ધર્મની, નીતિની, જ્ઞાનની અને કલા કૌશલ્યની મહાન્ સમૃદ્ધિ સ્થાપી છે. પૂર્વકાલે એ સમૃદ્ધિનો ઉપયોગ જૈન પ્રજામાં વધારે થતો હતો, તેથી જૈન ધર્મ અને જૈન વ્યવહારની જાહોજલાલી વિશેષ દેખાતી હતી. તે પછીના અર્વાચીન સમયમાં જૈન પ્રજા પોતાની એ સમૃદ્ધિનો સદુપયોગ કરી શકી નહીં, તેથી એ સમૃદ્ધિનો મોટો ભાગ વિચ્છેદ થઈ ગયો, જેને માટે જૈન પ્રજાના આધુનિક વિદ્વાનો અને ગુણ ગ્રાહી ગૃહસ્થો ને અત્યારે પશ્ચાત્તાપ કરવો પડે છે.

સાંપ્રતકાલે પાશ્ચાત્ય પ્રજાએ ભારતવર્ષની પ્રજાને કેળવણીના યુગનું દર્શન કરાવ્યું છે. જ્ઞાન તથા વિજ્ઞાનની મહત્તાનું ભાન કરાવ્યું છે, તેથી આપણે હવે આપણી સાહિત્યની મહાન્ સમૃદ્ધિને સંભાળવાને પ્રવૃત્ત થવું જોઈએ. ભારતની અન્ય પ્રજામાં તેને માટે મોટી જાગ્રતિ થઇ છે. તે પોતપોતાના ધર્મના સાહિત્યનું મથન કરવા લાગી છે. આપણે પણ એ પ્રવૃત્તિને અનુસરવું જોઇએ.

જૈન સાહિત્યને જગતમાં મોટું સ્થાન મળે તેમ છે. આપણા સાહિત્યનો મહાન સાગર આર્યાવર્ત્તની ભૂમિમાં ઉછળાવી શકાય તેમ છે. જે સંસ્કૃત અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માગધી ભાષા દ્વારા આપણા ધર્મ અને વ્યવહારની સર્વ વાતોનું સત્ય આપણા આગળ તાદૃશ્ય રહેતું, તે ભાષાનું સાહિત્ય આપણે ઉત્સાહિત થઈ સંભાળવું જોઈએ. પ્રમાદ અને ઉપેક્ષાથી આપણે ઘણું ખોયું છે. જો હવે વધારે ખોવાશે તો આપણું સર્વસ્વ ખોવાયું એમ સમજવાનું છે. આપણી માગધી, સંસ્કૃત અને દેશી ભાષાના ગ્રંથોમાં રહેલું સર્વ પ્રકારનું જ્ઞાન જે ઉત્તમતાવાળું ગણાય છે તે ઉત્તમતાની સાથે સરખાવવાથી આપણને નવા ધોરણની ઉત્તમતા વિષેનું ખરેખરૂં ભાન થઈ આવશે અને આપણા ધર્મ, નીતિ અને વ્યવહારના જેવી વિચાર ભાવનાની કેટલી આવશ્યક્તા છે તે આપણાથી સમજાશે.

આપણાં સાહિત્યની મહત્તા વિષે ભારતવર્ષમાં કેટલીએક પ્રશંસા થાય છે, પરંતુ હજુ આપણે આપણા સાહિત્યનું અધિક મથન કરી શકયા નથી, એથી એ પ્રશંસામાં વધારો કરી શકતા નથી. આપણા સાહિત્યના ભંડારો ભરપૂર છે અને તેમાં આપણા ધર્મ, નીતિ અને વ્યવહારના સદ્‌વિચાર રૂપી રત્નો ભરેલાં છે, પરંતુ તે તરફ આપણી ઉપેક્ષા છે એજ શોચનીય છે. તે વિષે આપણે પુર્ણ લક્ષ આપી આ જમાનામાં પ્રવૃત્તિ કરવાની જરૂર છે.

આપણાં સાહિત્યમાંથી આપણે જીવનનાં ઉપયોગી તત્વો મેળવી શકીએ તેમ છીયે. ચિંતામણિ રત્નરૂપ આ મનુષ્યભવમાં અવતાર ધારણ કરી જે જે મેળવવાનું છે તે આપણા સાહિત્યમાંથી મળી શકે તેમ છે. લોકસ્થિતિના અનુભવો કર્ત્તવ્યદ્વારા સંગ્રહવાનું, બુદ્ધિના ઉચ્ચ પ્રદેશને ઓળખવાનું અને તે અનુસાર પ્રેમ, શ્રદ્ધા, ઉચ્ચતા, નિર્વિકારિત્વ, સમભાવ અને મૈત્રી આદિ ગુણો સાથે શુદ્ધ સમ્યકત્વ અને અધ્યાત્મભાવ અનુભવી આત્મસ્વરૂપને યથાર્થ જાણવાનું આપણા સાહિત્યમાંથી સારી રીતે મળી શકે છે. આ જીવનરૂપ એક શાળામાંથી જે જે ઉચ્ચ શિક્ષણ લેવાનું છે તે બધું તેમાંથી જ મેળવી શકાય તેમ છે. આ જીવનમાં રાગદ્વેષને લઈને જે અહંભાવ પ્રકટે છે તે અહંભાવને દૂર કરી હૃદય અને આત્માને મુખ્ય માની સર્વ તરફ સમાન ભાવ પ્રેમ રહે એમાં જ જીવનનું સાર્થક છે, એવું ઉચ્ચ શિક્ષણ આપણાં સાહિત્યમાં ઓતપ્રોત થઈને રહેલું છે. પરસ્પર ઇર્ષ્યા, પ્રતારણા, કલહ અને ઐહિક સંપત્તિ માટે તીવ્ર લાલસા ઇત્યાદિ દુર્ગુણોને દૂર કરી શાંતિ પ્રીતિ, સહનશીલતા, ક્ષમા અને દયાથી ભરપૂર એવા વ્યવહાર સાથે જ પરમાર્થ સાધવાનો માર્ગ આપણને આપણું સાહિત્ય બતાવે છે.

આપણા જૈન ધર્મના મહાત્માઓ આપણા ઉદ્ધારને માટે અને આપણા ઉન્નત જીવનના રક્ષણને માટે મહાન્ શ્રમ કરી સાહિત્યના મહાન સાગરને પ્રગટાવી સ્થાપન કરી ગયા છે. હવે આપણે તે સુધા સાગરમાં મગ્ન રહેવું જોઇએ અને તેનો મધુર અને આનંદદાયક સ્વાદ લઈ જીવનને સફળ કરવું જોઈએ. જૈન કવિઓ આપણાં સાહિત્ય માટે, આપણા આગમ માટે અલંકારિક ભાષામાં જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કથન કરે છે તે સાંભળવાથી આપણાં હૃદયની ઉર્મિઓ ઉછળ્યા વગર રહેતી નથી. તેઓ કહે છે કે, " આગમના સાહિત્યરૂપી પ્રાસાદ આ ભૂમંડળ ઉપર ચતુર્વિધ અનુયોગરૂપી ચાર સ્તંભોને આધારે પૂર્વાચાર્યોએ ઉભો કર્યો છે. તેને ધર્મ, નીતિ, આચાર, વ્યવહાર અને સદ્વર્ત્તનરૂપી નવરંગિત ચિત્રોથી સુશોભિત કર્યો છે. તેમાં જૈન પ્રજાએ પોતાના હૃદયોને વાસ કરાવવો કે જેથી તેઓ પોતાના મનુષ્ય જીવનને સાર્થક કરનારાં સુખ વૈભવો અનુભવે. "

જૈન કવિનું આ કથન આપણે હૃદયારૂઢ કરવું જોઇએ અને તે સાહિત્ય પ્રાસાદમાં વસાવવાને આપણાં હૃદયને ઉત્સાહિત કરવાં જોઇએ. સાંપ્રતકાલે પ્રમાદ અને ઉપેક્ષાના દોષથી આપણે એ સાહિત્યના સુંદર પ્રાસાદનો અપૂર્વ લાભ લઇ શકતા નથી; એ કેટલું શોકકારક લજ્જાસ્પદ છે ?

વર્ત્તમાન કાળે આપણે સુધારણા કરવાની તીવ્ર ઇચ્છા રાખીએ છીએ અને તેને માટે સામાજીક બળ મેળવવા મથીએ છીએ, પણ એ આપણો પ્રયત્ન સર્વ રીતે સફલ થતો નથી, તેનું શું કારણ છે ? તે કારણનો દીર્ઘ વિચાર કરતાં જણાઇ આવશે કે આપણે જે દિશામાં જવું જોઇએ તે દિશાજ ભૂલી ગયા છીએ. આપણી સુધારણાની ખરી દિશા આપણા સાહિત્યનો વિકાસ છે. આપણી પાસે કેવી સમૃદ્ધિ છે ? આપણી સન્મુખ કેવાં સાધનો છે ? આપણામાં કેવું મહત્વ છે ? એ બતાવી આપવાને માટે આપણું સવિસ્તર સાહિત્ય સર્વોત્તમ સાધન અને અનુપમ ઉપાય રૂપ છે એમ આપણે સમજવું જોઇએ. આપણા સાહિત્યમાંથી ઉચ્ચ શિક્ષણના નિયમો મેળવી શકાય તેમ છે. ધર્મ અને સંસારની સુધારણાઓનો ઉત્તમ ક્રમ આપણા સાહિત્યમાં સ્થલે સ્થલે નજરે પડે છે. બોધદાયક ધાર્મિક પ્રસંગો, કવિતાઓ, મહાત્માઓનાં જીવન ચરિત્રો, વ્યવહારની શુદ્ધિના ઉજ્વળ સ્વરૂપો, સદ્વર્ત્તનની શિક્ષાનાં સૂત્રો, સદાચારની પદ્ધતિઓ, પદાર્થવિજ્ઞાનના પ્રકારો, અને શુદ્ધ સંસ્કાર આરોપવાની વિધિઓ આપણાં સાહિત્યમાં ભરપૂર છે. સ્ત્રી જાતિને ઉપયોગી અને ગૃહિણીપદની યોગ્યતા સંપાદન કરવાના ઉત્તમ પ્રકારો અને ગૃહધર્મના ઉચ્ચ તત્વોથી આપણું સાહિત્ય અલંકૃત છે.

અર્વાચીન વિદ્વાનો જેને માટે સતત કાળજી રાખવાની ભલામણ કરે છે અને જેની પુષ્ટિથી સર્વ પ્રકારની પુષ્ટિ માને છે તેવા ચિંતામણિ રૂપ માનવ શરીરને માટે આપણું સાહિત્ય પણ સારો પૂરાવો આપે છે યતિ અને ગૃહસ્થ ઉભય જીવનમાં પણ શારીરિક સ્થિતિ તરફ પૂર્ણ લક્ષ આપવા માટે આપણા સાહિત્યમા ઘણો ઉલ્લેખ કરેલો છે તેમાં યમ, નિયમ અને તપ વગેરે પરીષહો સહન કરવાની આવશ્યકતા જણાવી છે, પણ તે સાથે તે શરીરના રક્ષણને માટે પણ અનેક રીતે સાવધાની રાખવા ભાર દઇને સૂચવ્યું છે. આ શરીર કે જે મૃત્યુલોકમાં આત્માનું મંદિર છે તેની તરફ સંયમ અને ગૃહસ્થ ધર્મના રક્ષણ માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંપૂર્ણ લક્ષ રાખવાની આવશ્યકતા છે. માનવ શરીર અનેક મહત્તાથી ભરેલું છે તેને સ્વચ્છ, મજબૂત, પરીષહોને સહન કરવા તત્પર, વિશ્વાસ કરવા યોગ્ય, ગમે તે કાર્ય કરવાને તૈયાર, તંદુરસ્ત, દુઃખરહિત પોતાના ઓજસના પ્રવાહમાં નિઃશંક, આનંદ રસનું ભાન કરનાર, વ્યવહારના ઘસારા સામે ટકી રહેનાર, પ્રસન્નતા, સુસ્વભાવ, સુખોપભોગ અને સાક્ષાત્ શ્રમને માટે પણ જીવાત્માને વિનોદ અર્પનાર અને ધાર્મિક નિયમોને પાળનાર બનાવવું જોઈએ. આવો ઉત્તમ ઉપદેશ જૈન સાહિત્યના પ્રદેશમાંથી મળી આવે છે.

આ સંસારને દુઃખમય બનાવનાર મનોવિકારો છે. તેઓ આ ભવાટવીમાં ભયંકર ગણાય છે. ક્રોધ એ મનુષ્યને અનેક નિર્દય અને વિચાર રહિત કાર્યોમાં જોડી દે છે. દ્વેષ એ ક્ષણવારમાં જીવનની મહત્તાને તોડી પાડે છે. રાગ એ મનુષ્યને અંધતા અર્પે છે અને તેથી કાર્યાકાર્યના વિવેકને વિપન્ન કરી નાંખે છે. સર્વ કષાયોમાં એ વિષમ કષાયો ગણાય છે અને તે પોતાના કર્ત્તવ્યથી ભ્રષ્ટ કરી વિપરીત માર્ગે દોરી જાય છે. ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયોનું ઉત્પત્તિ સ્થાન રાગ તથા દ્વેષ છે. તેમાં પણ રાગ સર્વમાં પ્રથમ પદે છે. કષાયોની સેનાનો મુખ્ય નાયક રાગ છે અને તેના એકના જયથી બીજાનો જય સુગમ રીતે થઇ શકે છે. તેથીજ આર્હત ધર્મના ભગવાન્ વીતરાગના નામથી ઓળખાય છે. જ્યાં રાગનો અભાવ ત્યાં સંસારનો અભાવ સિદ્ધ થઈ શકે છે. આ વિષેના સુંદર વિચારો આપણાં આર્હત સાહિત્ય રૂપી કલ્પવૃક્ષના મનોહર પુષ્પો છે.

આગમ–સાહિત્યરૂપી કલ્પવૃક્ષ કે જે ભાવના રૂપી સુગંધવાળું છે, તેના સદ્‌વિચાર રૂપી પુષ્પો છે અને સદ્‌ગતિ એ તેનું મધુર ફળ છે. જૈન સાહિત્યના કેટલાએક પ્રદેશમાં વિચરવાથી બીજા કેવા કેવા લાભ થાય છે તે સંક્ષેપમાં વર્ણવી શકાય તેમ નથી. આ જગત્‌માં વહેતા જીવન પ્રવાહની અંદર જે જે સામગ્રીની અપેક્ષા હોય છે, તે તે સામગ્રી જૈન સાહિત્યના વિશાળ ક્ષેત્રમાંથી મળી શકે તેમ છે. મનુષ્ય જીવનને કલંકિત કરનાર એવા પ્રસંગોમાંથી બચવાનો જે મહા માર્ગ જૈન સાહિત્યે બતાવ્યો છે, તેવો કોઈપણ સાહિત્યમાં ભાગ્યે જ મળી શકે તેમ છે. ધર્મને પ્રધાન પદ આપી તેમાંથી વ્યવહારનો શુદ્ધ માર્ગ પ્રરૂપવાની દિવ્ય શક્તિ આપણાં પૂર્વાચાર્યોએ આપણા સાહિત્યમાં જ સ્થાપી છે. જેથી જીવન કલહમય બની જાય છે અને જેથી નિરવધિ દુઃખ વિસ્તરે છે, એવા પ્રસંગોમાંથી મનુષ્ય જીવનને મુક્ત રાખવાના અને ભવ્ય જીવનના શાંતિ અને સુખ સર્વદા દષ્ટિ આગળ રાખવાના ઉત્તમ ઉપાયો આપણાં સાહિત્યે પ્રરૂપ્યા છે. સાંપ્રતકાળે ઉચ્ચ ધાર્મિક કેળવણીનો બહોળો પ્રચાર કરવાને આપણે સમર્થ થઇ શક્યા નથી. તેથી જૈન પ્રજાનો મોટો ભાગ અમુક સમયથી તદ્દન અજ્ઞાતાવાળો થઈ ગયો છે. કેટલોએક ભાગ માત્ર નવકાર અને પ્રતિક્રમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણની ક્રિયા અને ચૈત્યમાં ઉચ્ચ સ્વરે સ્તવનો બોલવામાંજ પોતાનું જૈનત્વ સાર્થક ગણનારો દેખાય છે. તેવા સમયમાં પણ જે આપણે આપણા જૈનધર્મના માર્ગને માન આપીએ છીએ અને તેના પ્રચલિત નિયમોને પાળવા ખંત રાખીએ છીએ, તેનું કારણ આપણા સાહિત્યના પૂર્વ ઉપદેશનો પ્રભાવ છે. તે ઉપદેશના ધ્વનિના પરમાણુઓ પરંપરાથી આપણી ઉપર પ્રવર્ત્તતા આવે છે, તેથીજ આપણી ધર્મ અને વ્યવહારની વ્યવસ્થા ભાંગી તુટી છતાં સજીવન રહી છે. તેનાથી હજુ ધર્મને અંગે ઓછા વધતા પણ ઉદારતા, સ્વાર્પણ અને ભવ્યતા આપણા લોહીમાં જાગ્રત રહેલાં દેખાય છે. તે તદ્દન અસ્તપ્રાય થઇ ગયા નથી. તે બધો પ્રભાવ આપણાં સાહિત્યનોજ છે. તે સાહિત્યનો વિયોગ જેમ જેમ વધારે થતો જાય છે, તેમ આપણી ધાર્મિક અને સાંસારિક વ્યવસ્થામાં ગડબડ થતી આવે છે. જે હાલ આપણામાં સ્વાર્થ, પ્રમાદ, આલસ્ય, કૃપણુતા, કુસંપ અને નિસ્તેજસ્વિતાનો ઉદય દેખાય છે તેનું કારણ પણ તેજ છે.

આપણાં કૂલદ્રુપ સાહિત્યનો મહિમા અને પ્રભાવ વિષે જેટલું લખીએ તેટલું લખી શકાય તેમ છે. પણ આ સ્થળે આટલોજ ઉલ્લેખ કરી હવે તે સાહિત્યની સેવા કરવા માટે સાંપ્રતકાળે જે કાંઇ પ્રવૃત્તિ થાય છે તેને માટે સંતોષ પ્રગટ કરવો ઉચિત છે.

જૈનધર્મની કેટલીએક પ્રખ્યાત સંસ્થાઓએ સાહિત્ય સેવાનો સમારંભ કરવા માંડ્યો છે. સંસ્કૃત, માગધી અને દેશી ભાષાના ગ્રંથોનો ઉદ્ધાર કરવાનો મહાન્ પ્રયત્ન પ્રવર્ત્તવા લાગ્યો છે. તે આપણી આશાને પૂર્ણ આશ્વાસન આપનારો છે. આર્હત સાહિત્યરૂપ મહાસાગરનું મથન કરવાને માટે આપણાં વિદ્વાન્ મુનિવરો તત્પર બની ગયા છે અને તેઓ સ્થળે સ્થળે જૈન સાહિત્યની સેવા કરવાના જૈનોના ખરા કર્ત્તવ્યના ઉપદેશો આપે છે. આ સર્વ પ્રવૃત્તિ ઇચ્છવા યોગ્ય છે. અને સર્વ પ્રકારે આવકારને પાત્ર છે. એવી સંસ્થાઓ જૈન સાહિત્યની સેવા કરવાને સર્વોત્તમ સાધનરૂપ છે. એ નિર્વિવાદ સિદ્ધ છે. ભારતભૂમિમાં રોપાયેલ આ જૈન સાહિત્ય રૂપ બાળવૃક્ષોની ઉપર ઉત્તમ પ્રકારે સહાય રૂપ જલસિંચન કરવું જોઇએ. તેમ કરવાથી આ સુંદર વૃક્ષો ઉછરીને નવપલ્લવિત થશે, એટલે તેની શીતળ છાયાનો લાભ ભારતની જૈન પ્રજાને સંપૂર્ણ રીતે મળી શકશે. સાહિત્ય માટે હાલમાં ગુજરાતી સાહિત્ય પરિષદો ભરાય છે તે સારૂં કાર્ય કરે છે. જૈન સાહિત્ય પરિષદ્ પણ તેમ ભરી અપરિમિત જૈનસાહિત્યને બહાર લાવી દુનીયાને જૈનસાહિત્ય માટે ચકિત કરી દેવાની જરૂર છે. ગુજરાતી ભાષામાં જૈનસાહિત્યનો જન્મ પ્રથમ છે અને સ્થાન પણ પ્રથમ છે, તેને બહાર લાવી સમય પરત્વે ભરાતી ગુજરાતી સાહિત્ય પરિષદ્ની સાથે સહકાર કરી જાણ કરવા જરૂર છે. આ કાળમાં જૈન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિમાની જેમજ આગમ–સાહિત્ય જૈન સમાજના જીવન માટે કેવળજ્ઞાની મહારાજના અભાવે મુખ્ય અને પ્રધાન છે, તેથીજ તેનો ઉત્કર્ષ થવાની ખાસ જરૂર છે.

પ્રભાવિક દેવતાની પાસે એજ પ્રાર્થના છે કે, ભારત ક્ષેત્રમાં વાવેલા જૈન સાહિત્યના વૃક્ષો સંપૂર્ણ સહાય મેળવી નવપલ્લવિત થાય અને તેની શીતળ છાયા અને મધુર ફલોનો સ્વાદ ભારતની સર્વ પ્રજાને મળે.

સુધારો—ગયા માગશર માસના અંકના વર્તમાન સમાચારના પા. ૧૨૩ મેં છઠ્ઠી લીંટીમાં " ત્યાર બાદ પંન્યાસજી લલિતવિજયજી મહારાજે શેઠ ડાહ્યાભાઇનો ઉપકાર માનવાની દરખાસ્ત " એ શબ્દોને બદલે " અધ્યક્ષ સ્થાને બિરાજમાન પંન્યાસજી શ્રી લલિતવિજયજી મહારાજ તથા શેઠ ડાહ્યાભાઇનો ઉપકાર માનવાની દરખાસ્ત શેઠ દેવકરણ મુળજીભાઇએ કરી " એમ વાંચવું.

# વર્તમાન સમાચાર.

## ખેદકારક મૃત્યુ.

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર જૈનાચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજી મહારાજના શિષ્ય રત્ન ઉપાધ્યાયજી શ્રી ૧૦૮ સોહનવિજયજી ગણીનો સ્વર્ગવાસ ગુજરાનવાલા–પંજાબમાં કારતક વદી ૧૪ રવીવાર તા. ૧૫–૧૧–૨૫ નાં રોજ બપોરના દોઢ વાગે થયો. આખા પંજાબમાં હાહાકાર થઇ ગયો. ચોમાસી ચૌદશના રોજ ઘણા બિમાર થઇ ગયા હતા. ડૉકટરી વૈદ્યકીય ઇલાજ કરતા હતા, છતાં દિવસાનુદિવસ તબીયત લથડતી જતી હતી. વદી ૧૩ સાંજથી શ્વાસની ગતિ વધી, પરંતુ અશાંતિ નહોતી. તેઓશ્રીને સ્વર્ગવાસી ગુરૂમહારાજના દર્શન કરવાની ઇચ્છા થવાથી છબી વડે દર્શન કરાવ્યાં. તેઓશ્રીના પાસે ગુરૂમહારાજશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ બેઠા હતા તેમને કહેતા હતા કે 'અર્હદ્ ભગવાન અને આપનું શરણ હો !' વચમાં વચમાં " અરિહંતો મહાદેવો " એ ગાથાનું પણ ઉચ્ચારણ કરતા હતા. પ્રાતઃકાળમાં ખોરાક માટે કહેતાં બીલકુલ લેવા ના પાડી. જરા પાણી પીધું. ત્યારબાદ અગ્યારવાગે ડૉકટર લાલા તારાચંદજી આવ્યા. પાસે બેઠા. તેમને જોવાથી ઉ૦ શ્રી સોહનવિજયજી મહારાજે કહ્યું કે ડૉકટર સાહેબ " અબ ચલનેકી તૈયારી હૈ " લો અબ હમ ચલતે હે " સર્વ જીવ સાથે ખમતખામણા કીધા. સાધ્વીજી દેવશ્રીજી વગેરે દર્શન કરવા આવી તેમને કહ્યું કે " મહાસતીઓ હું આપને ખમાવું છું. પછી તેઓશ્રીએ અર્હંત અને ગુરૂરાજનું સ્મરણ શરૂ કર્યું. " ખામેમિ સવ્વેજીવા " ઇત્યાદિ પાઠ યાદ કરવા લાગ્યા. ગુરૂરાજ શ્રી વિજયવલ્લભસૂરીજી મહારાજે છેવટ સુધી ચાર સરણાદિ પાઠ સંભળાવ્યા કર્યો. ચૌદસના બપોરે દોઢ વાગે અર્હંતના ધ્વની સહિત તેઓના અંતિમ શ્વાસની સમાપ્તિ થઇ. પોતાના શિષ્ય સમુદ્રવિજયજી મહારાજને કહ્યું હતું કે 'ગુરૂમહારાજના ચરણકમળમાં તેમની સેવા કરજો. આજ્ઞા પાળજો.' તેઓશ્રીનો સ્વર્ગવાસ થતાં શ્રી સંઘમાં શોક છવાઈ ગયો. સર્વ ગામો અને મોટા શહેરોમાં રવિવાર છતાં અરજંટ તારદ્વારા ખેદકારક સમાચાર આપવામાં આવ્યા. સર્વ મનુષ્ય કહેવા લાગ્યા કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'આજે અમારા સાચા નેતા ચાલ્યા ગયા. ધર્મ અને ગુરૂના નામ ઉપર કુરબાન થનાર સાચા ગુરૂભકત વિદાય થયા. લાહોર, અમૃતસર, જંડીયાલા, જાલંધર, હુશીયારપુર, બંગીયા, જેલમ, લુધીયાના, અંબાલા, પતીયાલા, માલેરકોટલા, પટ્ટી, કસુર, પિંડદાદરખાન, રામનગર, જંબુ સિયાલકોટ, નારોવાલ, પીપનાખા, કિલાદિદારસિંહ વગેરે શહેરોમાંથી હજારો ગુરૂભકત આવી પહોંચ્યા, કારતક વદી ૩૦ ના રોજ માંડવી ( દેવ વિમાન સદશ ) ગોટા કીનારી વગેરેથી શણગારી બનાવવામાં આવી. શ્રી ઉપાધ્યાયજી મહારાજના શબને સ્નાન કરાવી, ચંદનાદિ વિલેપન કરાવી વસ્ત્રો પહેરાવી માંડવીમાં પધરાવ્યા, અને ચાર વાજાંવાળા ચાર ભજનમંડળી, નિશાનો અને અનેક મનુષ્યોની સાથે શહેરના મોટા મોટા રસ્તા વચ્ચે થઇને સ્વર્ગવાસી ગુરૂમહારાજના સમાધિ મંદિરની પાસે પહોંચ્યા. લાલા કુંદનમલ મુનાહની જગ્યામાં સાડાચાર વાગે ચંદનની ચિતામાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. માંડવીપર પંજાબના રિવાજ મુજબ બાસઠ (૬૨) દુશાલા પડયા જે રૂા. ૧૧ થી રૂા. ૭૦ ની કિંમતના એકેક હતા. અહીંના રિવાજ મુજબ સર્વ શહેરના હજામને આપી દેવામાં આવ્યા, અહીં સ્થાનકવાસી ભાઇઓએ પણ આજે સર્વ દુકાનો બંધ રાખી હતી. સર્વની સાથે નિર્વાણ મહોત્સવમાં સામેલ હતા. તેઓના તરફથી ચાર દુશાલા આવ્યા હતા.

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ શિષ્ય સમૂદાય સાથે સ્વર્ગવાસી ગુરૂમહારાજના દર્શનાર્થે પધાર્યા. તે વખતે સમાધિમંદિરમાં વૈરાગ્ય ધર્મોપદેશ દેતાં જણાવ્યું કે " મરનેસે ડરના નહિં ચાહીયે, ઔર મરનેકી ઇચ્છા ભી કરના નહીં ચાહીયે, પરંતુ મરને કે લીયે હંમેશા તૈયાર રહેના ચાહીયે. " વગેરે છેવટે સ્વર્ગવાસી ઉપાધ્યાયજી મહારાજની બે ભાવના પંજાબના શ્રી સંઘને જણાવી કે " એક પંજાબ ગુરૂકુળની સારી રીતે પ્રગતિ કરવી અને બીજી સંગઠન કરવું. " એમ જણાવતાં કહ્યું કે એ બહાદુરે એકલે એટલી હિંમત બાંધી હતી તો તમો અને અમો મળીને એટલી હિંમત નહીં કરી શકીયે ? એમ ઉપદેશ આપી ગુરૂરાજ ઉપાશ્રય પધાર્યા. ઉપાધ્યાયજી મહારાજે જે જે ઉપકાર પંજાબના સંઘ ઉપર કરેલ છે તે ભૂલી નહિં શકાય તેવા છે. સમય ઉપર તેઓશ્રીનું જીવન ચરિત્ર જૈન સમાજ સન્મુખ રજુ કરીશું. વદી ૧૩ ના રોજ આચાર્ય મહારાજ શ્રી વિજયકમલસૂરિશ્વર, પ્રવર્ત્તકજી મહારાજ, શ્રી કાન્તિવિજયજી મહારાજ, શાંતમૂર્ત્તિ શ્રી હંસવિજયજી મહારાજ આદિ મુનિરાજોને ઉપાધ્યાયજી મહારાજે પોતાની તરફથી અંતિમ ખામણાના પત્ર શ્રી ગુરૂમહારાજની મારફત લખાવ્યા હતા.

લી૦ દીનાનાથ દુગડ જૈની

ગુજરાનવાળા પંજાબ.

---

## ૨ " વડોદરામાં મંગળ માળા પ્રસંગે નિકળેલા વરઘોડા. "

વડોદરામાં ઉપધાન તપની સમાપ્તિ પ્રસંગે માગશર સુદિ ૬ ના દિવસે ઝવેરી લાલભાઇ તરફથી જલયાત્રાનો મોટો વરઘોડો ચાંદીની અંબાડી સહિત નિકળ્યો હતો, અને સુદી ૯ ના દિવસે સુતરીઆ તરફથી ઉપધાન માળાઓનો મહાન્ વરઘોડો નિકળ્યો હતો, આ વરઘોડામાં પ્રભુનો ચાંદીનો રથ, અને ગાયકવાડ સરકારની ચાંદીની બે અંબાડીઓ અને રૂપાના હોદાવાલા ઝુલતા હાથીયો વરઘોડાના શણગાર રૂપ હતા, તેમાં બગીઓ, મોટરો, ઘોડાગાડીઓ, ઠેલાગાડીઓ અને સણગારેલા ઘોડા ઉપર આરૂઢ થયેલા સુમારે ૧૦૦ સાંબેલા તેમાં વધારો કરી રહ્યા હતા. મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ તથા પન્યાસ શ્રી સંપતવિજયજી ગણિ આદિ મુનિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજે તથા શ્રી સંઘ સમુદાય આગળ "સુરત" થી મંગાવેલું "રજાજક" નું નામાંકિત બેન્ડ શેહેરને ગજાવી મુકતુ ચાલતું હતું, તે સોનેરી નવા ડ્રેસમાં સજ્જ થયલા, બેન્ડવાલાઓએ ઘડીયાલી પોલ અને ચોવીસ કમાનવાળા શહેરની મધ્યમાં આવેલા માંડવા ઉપર ગગનમાં ગાજતા ટાવર આગળ પોતાની સંગીત કળા દેખાડી શહેરીઓનાં મન આકર્ષિત કરી મોટું માન મેળવ્યું હતું, એકંદર આ વરઘોડો લેહેરીપુરાના દરવાજેથી માંડીને ફરીવળી લગભગ ચાંપાનેરના દરવાજા સુધી સરઘસના આકારે લંબાયો હતો, આ શુભ પ્રસંગે લઘુવયમાં દિક્ષાના ઉમેદવાર થયેલા અમદાવાદ વાળા સુતરીઆ ચંદુલાલ એક વરઘોડામાં ચાંદીની અંબાડીમાં અને બીજા વરઘોડામાં ચાંદીના હોદા ઉપર બિરાજ્યા હતા, તેઓ બાર મહીનાથી મહારાજશ્રીના પરિચયમાં રહે છે, તેમણે ઉપધાન તપ કરેલો હોવાથી તેમના ભાઇ હીરાલાલ માળ પહેરાવવા આવ્યા હતા. તેમનાં માતાજીએ વ્યાખ્યાનમાં પ્રભાવના વિગેરે કરી પોતાના દ્રવ્યનો સદ્વ્યય કર્યો હતો, અને પોતાના પુત્રને આશીર્વાદ આપી ધાર્મિક અભ્યાસ અને સદ્ગુણ સંપાદન કરવા મહારાજશ્રીને સુપ્રત કરી પોતાને વતન ગયાં છે તે મહાશય હાલ શ્રાવકોના અધિકાર પ્રમાણે દશવૈકાલિક સૂત્રનાં અધ્યયનનો અભ્યાસ કરે છે.

આ મહાન મહોત્સવ જોવા મુંબઇ, સુરત, અમદાવાદ, અંકલાવ, મીયાગામ તરસાલી, છાણી, દરાપુરા, પાદરા, ડભોઇ, ખંભાત, તેમજ કાંઠીયાવાડ, માલવા, મારવાડ, વિગેરે અનેક દેશ, નગર ગામોથી જૈન ભાઇઓ ઉતરી આવ્યા હતા. (મળેલું)

**૩ અહિંસા તત્ત્વપ્રસારક મંડળ પુના**—નો ઉત્તમ પ્રયત્ન. પુના જીલ્લામાં માંજરી ગામમાં માગશર શુદ ૭ ના દિવસે યાત્રાનો મેળો દરવર્ષે ભરાય છે, તે પ્રસંગે ૪૦૦–૫૦૦ જીવોની હિંસા દરસાલ થતી હતી, તે આ સાલ અટકાવવા માટે ઉપરોક્ત મંડળના કાર્યકર્તાઓએ ભવાની પેંઠના પ્રતિષ્ઠિત વેપારીઓને સાથે ત્યાં લઇ જઇ સમજાવવાથી તે ગામના લોકોએ હિંસા બંધ કરી છે એમ તે મંડલના સેક્રેટરી શાહ ચંદુલાલ ચીમનલાલે અમોને જણાવેલ છે. આવી રીતે અનેક જીવોને અભયદાન આ મંડલના પ્રયત્નથી મળેલું છે.

**૪ સુરતમાં પણ શ્રીમાન પૂજ્ય આચાર્ય શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ**-ના ઉપદેશથી તાપી નદીના અમુક ભાગમાં જાળ નાખવાનો અટકાવ થતાં તેમજ કુતરાઓનો પણ નાશ થતો અટકાવવાથી તે તે પ્રાણીઓનું રક્ષણ થયેલ છે. આ કાર્યમાં તે શહેરના પોલીસ અધિકારી મુસલમાન બંધુ છતાં શ્રીમાન આચાર્ય મહારાજના ઉપદેશથી આ કાર્યમાં તેમણે પણ સહાનુભુતિ બતાવી છે, જેથી તે ધન્યવાદને પાત્ર છે.

# ગ્રંથાવલોકન.

**૧ વિહાર–વર્ણન**—લેખક મુનિરાજશ્રી જયંતવિજયજીએ પ્રકાશક શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા ભાવનગર.શ્રીમાન્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના વિહારની નોંધનો સંગ્રહ કરી વિસ્તારપૂર્વક વર્ણન સાથે લેખક મુનિશ્રીએ આ ગ્રંથ તૈયાર કર્યો છે. આ ગ્રંથમાં ૧૪૬૮ ગામોનું વર્ણન જેમાં ૭૪૫ જૈનોની વસ્તીવાળાં છે, ૫૮ જૈન તીર્થો છે અને ૩૭૧ ગામો ઉપર વિસ્તારથી નોટ આપેલી છે. ગુજરાત, કાઠીયાવાડ, મારવાડ, બુંદેલખંડ, સંયુક્તપ્રાંત મગધ, બંગાળ, ખાનદેશ વરાડ દક્ષીણ અને નીજામ હૈદ્રાબાદ સુધીનું વર્ણન આપેલ છે. આ પુસ્તક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન ધર્મ માનનાર કોઇ પણ પક્ષના સાધુઓને પણ ઉપયોગી થાય તેમ છે. આ ગ્રંથ કેટલેક અંશે ડીરેક્ટરીનું કાર્ય સારે તેમ છે. આવી રીતે સંગ્રહ કરી કરેલ પ્રયત્ન લેખક મહાશયની એક રીતે ગુરૂભકિત પણ બતાવે છે. આવા ગ્રંથો ભવિષ્યમાં ઇતિહાસ પ્રકટ કરનારને પણ ઉપયોગી થવા સંભવ છે. અમો તેને દષ્ટિગોચર થવા સર્વને સૂચના કરીયે છીયે.

**૨ દેસીવરાઇ પ્રતિક્રમણ સૂત્ર વિધિ સહિત**—પ્રકટ કર્તા ઝવેરી નવલચંદ ખીમચંદ સુરત. કિંમત ચાર આના. શાહ ચીમનલાલ મોહનલાલની આર્થિક સહાયવડે પ્રકટ થયેલ આ બુક પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ તથા તેઓના પટ્ટધર આચાર્ય શ્રી વિજયદાનસૂરિજી મહારાજ તથા આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજના ઉપદેશથી ઉપધાન તપ શરૂ થતાં તેમાં તે તપ કરનારને પ્રભાવના કરવાના શુભ ઇરાદાથી પ્રસિદ્ધ થયેલ છે. મૂળ સૂત્રો સાથેજ તેમાં સાથે સાથે વિધિ હોવાથી શિખનારને સરલ અને સુગમ પડે તેમ છે. ગુજરાતી સારા ટાઇપ કાગળમાં પ્રકટ કરેલ છે. લાભ લેનારને લાભ આપવાના ઇરાદાથી કિંમત ચાર આના રાખેલ છે જે યોગ્ય છે. આવી બુકો મોટી સંખ્યામાં છપાવવાની જરૂર હતી. છતાં પણ સારો પ્રયત્ન કરેલ હોવાથી પાઠશાળામાં ચલાવવા માટે ઉપયોગી હોવાથી પ્રકટકર્તાને ત્યાંથી મંગાવી લેવી. પ્રકટ કર્તાના પ્રયત્ન ધન્યવાદને પાત્ર છે. મળવાનું ઠે–શ્રી રત્નસાગરજી જૈનશાળાના માસ્તર છગનલાલ ગુલાબચંદ.

**નવીન પૂજા સંગ્રહ**—પ્રકાશક શેઠ નવલચંદ ખીમચંદની સહાયથી શ્રી જૈન શ્વેતામ્બર જ્ઞાન મંદિર છાણી. શ્રી આત્મકમળ જૈન ગ્રંથમાળાના ૧૩ મા પુષ્પ તરીકે આ ગ્રંથ જેવાં કે ૧ શ્રી નવપદજી, ૨ શ્રી પંચ કલ્યાણ ( શ્રી મહાવીર સ્વામી ) ૩ શ્રી એકવીશ પ્રકારી ૪ શ્રી પંચ પરમેષ્ઠિ પૂજા અને ૫ શ્રી પંચજ્ઞાનની મળી પાંચ પૂજાનો સમાવેશ કરેલો છે. તેના યોજક શ્રીમદ્ વિજયલબ્ધિજી સૂરિજી મહારાજ છે આ પાંચે પૂજા જુદા જુદા રાગરાગણી અને ઢાલોથી સરલ અને સુંદર પદ્યરચના સાથે ભાવવાહી બનાવવામાં આવેલ છે. વર્તમાનકાળમાં નવીન રાગોમાં ભણાવવામાં આવતી પૂજાની પ્રવૃત્તિ હોવાથી તેમાં એક રચનાની વૃદ્ધિ થઇ છે. જેથી દેવભકિત અને પૂજાના રાગી માટે આવકારદાયક છે. કાગળ, ટાઇપ, વગેરે બાહ્ય સુંદરતા પણ ઠીક છે લાભ લેવા સર્વેને સૂચના છે.

**૪ A Review of the Heart of Jainism**—આ અંગ્રેજી ગ્રંથ પ્રકાશક શ્રી આત્માનંદ જૈન ટ્રેક્ટ સોસાઇટી અંબાલા તરફથી મળેલ છે તેના લેખક બંધુ જગમંદીરલાલ જૈની એમ. એ. બેરીસ્ટર એટ્લો. ચીફ જજ્જ ઇંદોર હાઇ કોર્ટના તરફથી લખાયેલ છે. The Heart of Jainism જર્મન પ્રોફેસર મી. સીંકલીયર સ્ટીવસનના ગ્રંથનો આ રીવ્યુ શેઠ જગમંદીરલાલ જૈનીએ લખેલો છે. તે ખાસ વાંચવા જેવો છે આવા ગ્રંથોના ગુજરાતી ભાષાંતરો થાય તો તેનો વિશેષ લાભ ગુજરાતી ભાષા જાણનાર બંધુ લઇ શકે, કિંમત ચારઆના. આવા ઉપયોગી ગ્રંથો પ્રકટ કરવા માટે ઉપરોક્ત સોસાઇટીને અમો ધન્યવાદ આપીયે છીયે.

નીચેના ગ્રંથો ભેટ મળેલ છે જે ઉપકાર સહ સ્વીકારવામાં આવે છે.

**૧ શ્રી જિન પ્રતિમા મહાત્મ્યાષ્ટક અને બાવીશ ગોઠીલ પુરૂષોનું બ્યાન અને પંજાબના પ્રશ્નોત્તર**—લેખક પન્યાસજી શ્રી ક્ષાન્તિવિજયજી ગણિ—

**૨ શ્રી કર્મબોધ પ્રભાકર**—સંસોધક વ્યાખ્યાન વાચસ્પતિ મુનિ શ્રી યતીન્દ્રવિજયજી મહારાજ પ્રકાશક શાહ કિશનલાલ જેતાજી વગેરે મુ. વાગરા મારવાડ એરનપુર રોડ, આ ગ્રંથના મૂળ કર્ત્તા બાગરા નિવાસી વજિંગ ( વિજયચંદ ) સંઘજી જૈન છે. કિંમત રૂ. ૨–૮–૦ પ્રકાશકને ત્યાંથી મળી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આનંદ જનક સમાચાર.

આ સભાના ઉ૦ પ્રમુખ શેઠ ગુલાબચંદ આણંદજીના લઘુબંધુ ચુનીલાલ ગઇ સાલના ફાગણ માસમાં વેપારાદિઅર્થે યુરોપની મુસાફરીએ ગયા હતા. તેઓ પોષ સુદ ૮ ના રોજ સુખશાંતિ ઉપર અત્રે આવેલા છે. તેની ખુશાલીમાં તેમના કુટુંબ તરફથી ટીપાર્ટીનો મેળાવડો કરી સંબંધીઓને આમંત્રણ કરવામાં આવ્યું હતું. જે વખતે ભાઇ ચુનીલાલને મુબારકબાદી આપવા સાથે આનંદ પ્રદર્શિત જુદા જુદા ગૃહસ્થો તરફથી કરવામાં અ વ્યો હતો.

## પ્રાતઃસ્મરણીય શ્રીમદ્ મૂળચંદજી મહારાજની જયંતી.

ગયા માગશર વદી ૬ ના રોજ આ મહાત્માશ્રીની સ્વર્ગવાસ તીથી હોવાથી તેઓશ્રીનાં દેરી કે જયાં અત્રે શ્રી દાદાસાહેબ જિન મંદિરમાં પાદુકાસ્થાપન કરેલ છે, ત્યાં તે દિવસે આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી કૃત નવીન અગ્યાર ગણધરની પૂજા ભણાવવામાં આવી હતી. શ્રી મહાવીર પ્રભુ અને ઉકત મહાત્મા તથા શ્રીમાન્ વૃદ્ધિચંદજી મહારાજની પાદુકા વગેરે સ્થળે આંગી રચાવવામાં આવી હતી, તથા સામાન્ય સ્વામીવાત્સલ્ય કરવામાં આવેલ હતો. એ રીતે શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી ગુરૂભાક્ત તરીકે જયંત ઉજવવામાં આવી હતી.

# શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર (ભાષાંતર).

## ભાગ ૧ લો તથા ભાગ ૨ જો.

(અનુવાદક:—આચાર્ય મહારાજ શ્રી અજીતસાગરજી.)

પ્રભુના કલ્યાણકો અને દેવોએ તે વખતે કરેલ અપૂર્વ ભકિતનું વિસ્તારપૂર્વક વર્ણન. શ્રીસુપાર્શ્વનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી અનેક સ્થળે વિચરી ભવ્યજીવોને આપેલ ઉપદેશ, અનેક કથાઓ અને શ્રાવક જનોને પાળવા લાયક વ્રતો અને તેના અતિચારો વગેરેનુ વર્ણન ઘણુંજ વિશાળ રીતે આપેલ છે, આ કથાના ગ્રંથોમાં બુદ્ધિનો મહિમા–સ્વભાવનું વિવેચન, અદ્‌ભુત તત્ત્વવાદનું વર્ણન, લૌકિક આચાર, વ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પરિસ્થિતિ, ધાર્મિક પ્રભાવ તથા નૈતિક જીવન વગેરે તત્ત્વનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. એકંદર આ ગ્રંથ માનવજીવનનો માર્ગદર્શક, જૈન દર્શનના આચારવિચારનું ભાન કરાવનાર એક પ્રબળ સાધનરૂપ છે.

ઉંચા રેશમી કપડાના પાકા બાઇન્ડીંગના એક હજાર પાનાના આ બે ગ્રંથની કિંમત રૂા. ૪–૮–૦ પોસ્ટ ખર્ચ જુદો.

જલદી મંગાવો ! માત્ર રો નકલો સીલીકે છે. જલદી મંગાવો !

# શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર.

શ્રી નેમનાથ ભગવાન તથા સતી રાજેમતીનું નવ ભવનું અપૂર્વ ચરિત્ર, સાથે જૈન મહાભારત–પાંડવ કૌરવનું વર્ણન, અતૂલ પુણ્યવાન શ્રી વસુદેવ રાજાના અદ્‌ભૂત વૈભવની વિસ્તાર પૂર્વક કથા, મહાપુરૂષ નળરાજા અને મહાસતી દમયંતીનું અદ્‌ભૂત જીવન વૃત્તાંત, તે સિવાય પ્રભુના પાંચ કલ્યાણકો, પરિવાર વર્ણન અને બીજી અનેક પુણ્યશાળી જનોના ચરિત્રથી ભરપૂર સુંદર ટાઇપ, સુશોભિત બાઈંડીંગથી અલંકૃત કરેલ આ ગ્રંથ છે. વાંચતાં આલ્હાદ ઉત્પન્ન થાય છે. કિંમત રૂા. ૨–૦–૦ પોસ્ટેજ જુદું.

ભાવનગરથી તળાજા તીર્થે જવા માટે રેલવે તા. ૫–૧–૧૯૨૬ ના રોજ યાત્રાળુઓ માટે ખુલ્લી થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વતંત્રતા ( મુકિત )

"સંસારમાં લડાઈ ઝગડા અને પુરૂષાર્થ થાય છે તે શા માટે ? અંતરાયો દૂર થાય અને સ્વતંત્રા મળે એટલા જ માટે, આધુનિક વિજ્ઞાનશાસ્ત્રે એ સિદ્ધ કરી આપ્યું છે કે-સૂર્ય અંધકાર ફેલાવે અને ગંગા નદિનું પાણી ગરમ લાગે એ કદાચિત્ સંભવિત હોય પણ સ્વતંત્રતા માટેના પુરૂષાર્થમાં નહિ ભળનારનો બચાવ તો સ્વપ્ને પણ થઇ શકે તેમ નથી. એ બિચારો આમ સૂતો જોડા નીચેજ છુંદાઇ જવાનો. એ બચવાને યોગ્ય જ નથી. એવો પ્રકૃતિનો નિયમ છે. બધાં પાપોનો જડ શું છે? આળસ અને એદીપણું, જેને શાસ્ત્રો તમો ગુણના નામથી ઓળખે છે, તે આળસુ માણુસ તો વૈતાલના પ્રશ્નનો ઉત્તર આપવાની જ ના પાડે છે. પરિણામ એ આવશે કે વૈતાલ એનો ભક્ષ કરી જશે,

"જે ભોગવિલાસ અથવા આળસમાં પડી જાય, એનાં લોહી માંસ તો વૈતાલને વેચાઇ ચુકયાં જ સમજવાં, એતો મર્યો, નાશ પામ્યો જ સમજવો, માટે એવા પુરૂષોને ભૂલી જઇને હવે જે મનુષ્યો સ્વતંત્રતાને માટે કદિ પાછી પાની કરતા નથી. સ્વાધીનતાની ખાતર જે સાહસ ચાલુ જ રાખે છે અને ઉદ્યોગ અને પરિશ્રમ કર્યા જ કરે છે, એના ભણી નજર ફેરવો.

\+ + + + + +

"ફેશનના ગુલામો ! સ્વતંત્રતાના ગ્રાહકોમાં તો તમારી ગણત્રી થઇ ચૂકી, પણ તમને એવી રીતે તો સ્વતંત્રતા કયાંથી મળવાની હતી ? એક સાધારણ સાંસારિક મનુષ્ય સ્વતંત્રતા એટલે એવી અવસ્થા સમજેછે કે જેમાં માથા ઉપર કોઇનું દબાણ હોય નહિ, એવી સ્થિતિ માટે યોગ્ય કે અયોગ્યરીતે ફરહાદની પેઠે મહેનત કર્યે જાય છે. પ્રાર્થનાનાં સ્થાનોમાં આવા જ શબ્દો સંભળાયા કરે છે કે "મૈં ગુલામ, મૈં ગુલામ, મૈં ગુલામ તેરા તૂ દિવાન, તૂ દિવાન તૂ દિવાન મેરા." વિગેરે.

"એ ભકતો મંદિરો અને મસ્જીદોમાં માથું ઘસી ઘસીને રડયા કરે છે કે "હું દાસ છું, દીન છું, પાપી છું, પાતકી છું." અને એવી ગોળ ગોળ વાતો બનાવી બનાવીને પરમેશ્વરની મશ્કરી કરે છે. તેઓને કોઇ એમ સંભળાવે કે "અરે પાપી ! અરે નીચ !" તો તરત જ તે ધુંવા પુંવા થઇ જાય છે. ત્યારે શું પરમેશ્વરનાં મંદિરમાં એ ખોટું નથી બોલી આવ્યો ? ત્યારે શું એવું હડહડતું અસત્ય એને સજા પણ કર્યા વિના રહે ખરૂં કે ? યાદવો એક બ્રાહ્મણની પાસે ખોટું બોલ્યા હતા અને પુરૂષને ગર્ભિણી સ્ત્રી બનાવી હતી, તેનું ફળ શું ભોગવ્યું ? પાછળથી તો એ યાદવોએ અનેક પ્રયત્ન કર્યા કે એ શાપથી છૂટા થવાય; પણ એ બને જ કેમ ? × × જે લોકો અહંકાર ( દેહાધ્યાસ ) યુક્ત બાહ્ય આડંબર વડે સ્વતંત્ર–મોટા થવા ઇચ્છે છે, તેઓ પ્રકૃતિ અથવા નિજ સ્વભાવનો ખોટો જ ઉત્તર આપે છે."

"સ્વામી રામતીર્થ" માંથી

For Private And Personal Use Only